RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 306 * Date: 27.08.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટ્રમ્પના ટેરિફ પર વડાપ્રધાન મોદીની મોટી બેઠક, ટેરિફની અસરો જાણવા ચર્ચા વિચારણા



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા વધારાનો ૨૫ ટકા ટેરિફ આવતીકાલથી લાગુ થવાનો છે. આ સાથે અમેરિકા ભારત પાસેથી કુલ ૫૦ ટકા ટેરિફ વસૂલશે, જેના માટે અમેરિકા દ્વારા સત્તાવાર નોટિફિકેશન પણ જાહેર કરી દેવાઈ છે. ટ્રમ્પના આ ટેરિફ વલણ પર આજે(૨૬ ઓગસ્ટ) પીએમઓ ખાતે મહત્ત્વની બેઠક યોજાઈ છે. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ આયોજિત આ બેઠકમાં ગૃહ મંત્રી, વાણિજ્ય મંત્રી સહિતના કેબિનેટ મંત્રીઓ ઉપસ્થિત છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે નિકાસકારો અને નિકાસ પ્રોત્સાહન સમિતિઓ સાથે બેઠક યોજી અમેરિકાના ટેરિફની અસરો વિશે જાણવાનો પ્રયાસ કર્યો હતો. નિકાસકારોએ સરકાર સમર્થિત કોલેટરલ ફ્રી કાર્યકારી મૂડી સહાય આપતી ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમની માગ કરી હતી. પરંતુ અધિકારીઓએ માન્યું હતું કે, સેક્ટર આધારિત ઉકેલો વધુ અસરકારક રહેશે.વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આ બેઠક બાદ સરકાર કેટલીક મોટી જાહેરાતો કરી શકે છે, જે ભારતીય નિકાસકારોને રાહત આપવા તેમજ વૈકલ્પિક બજારો શોધવામાં મદદ કરશે. વડાપ્રધાન મોદીની આ બેઠક આ મહિનાના અંતમાં બે મોટી અર્થવ્યવસ્થાઓ, જાપાન અને ચીનની તેમની મુલાકાત પહેલા થઈ રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સરકાર ભારતીય નિકાસ માટે અને ખાસ કરીને કામદારોની સલામતી માટે આર્થિક રાહત માટે એક ખાસ પેકેજની જાહેરાત કરી શકે છે. આ સાથે ટ્રમ્પના ટેરિફ હુમલા વચ્ચે વૈકલ્પિક બજારો શોધવા અને વ્યવસાયિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના પ્રયાસો પણ તીવ્ર બન્યા છે.નિષ્ણાતોના મતે, ટ્રમ્પ ટેરિફ ભારતના ૫૫% ઉત્પાદન ક્ષેત્રોની અમેરિકામાં નિકાસને અસર કરી શકે છે. જેમાં કપડાં, ઘરેણાં, ચામડાના ઉત્પાદનો, રમકડાં, રસાયણો, મશીન ટૂલ્સ, પ્લાસ્ટિક, દરિયાઈ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આમાંના ઘણા ઉત્પાદનો એવા છે કે દેશની મોટી વસ્તીને તેમના મેન્યુફેક્ચરિંગ અને પ્રોડક્શનમાં રોજગાર મળે છે. ટ્રમ્પ વહીવટીતંત્રની ભારત અંગેની જાહેરાતથી આ ભારતીય ઉત્પાદનો બિનસ્પર્ધાત્મક બની ગયા છે, કારણ કે ભારતના મોટાભાગના સ્પર્ધાત્મક ઉત્પાદનો ભારત પર લાગુ પડતા ૫૦% દર કરતાં ૩૦ થી ૩૫% ઓછા દરે ઉપલબ્ધ થશે, જેના કારણે આ ભારતીય ઉત્પાદનો માટે યુએસ બજારોમાં ટકી રહેવું અશક્ય બનશે.

## રાજકોટની બી.એ. ડાંગર કોલેજના વિદ્યાર્થીએ આપઘાત કરી લેતા ચકચાર




રાજકોટ શહેરની જાણીતી બી.એ. ડાંગર કોલેજ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. કોલેજમાં હોમિયોપેથીનો અભ્યાસ કરતા ધર્મેશ કળસરિયા નામના વિદ્યાર્થીએ કોલેજ સંચાલકોના કથિત ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનો આક્ષેપ થતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ ધર્મેશ કળસરિયા બી.એ. ડાંગર કોલેજમાં અભ્યાસ કરતો હતો. તેના પરિવારજનો અને મિત્રોનો આક્ષેપ છે કે કોલેજ સંચાલકો દ્વારા તેને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેણે આ અંતિમ પગલું ભરવાની ફરજ પડી. આ ઘટના બાદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ કોલેજ અગાઉ પણ અનેક વિવાદોમાં સપડાઈ ચૂકી છે. પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી છે.

## અંબાજીના ભાદરવી પૂનમ મહામેળા માટે એસ.ટી. નિગમની મેગા તૈયારી, ૫૫૦૦ વધારાની બસો દોડાવાશે




અંબાજીમાં યોજાનાર ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં ઉમટી પડતા હોય છે. ત્યારે શ્રદ્ધાળુઓ માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યાત્રાળુઓને સલામત અને સુવિધાજનક પ્રવાસનો અનુભવ મળે તે માટે આ વર્ષે કુલ ૫૫૦૦ વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.ગત વર્ષે ભાદરવી પૂનમના મેળામાં એસ.ટી. નિગમે ૫૧૦૦ વધારાની બસો દ્વારા ૧૦.૯૨ લાખ યાત્રાળુઓને સેવા પૂરી પાડી હતી. આ વર્ષે યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને બસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી આ વિશેષ બસોનું સંચાલન થશે.

આ બસો મુખ્યત્વે અંબાજીથી ગબ્બર, દાંતા, પાલનપુર, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા રૂટ્સ પર દોડશે, જેથી રાજ્યભરમાંથી આવતા યાત્રાળુઓ સરળતાથી અંબાજી પહોંચી શકે. આ ઉપરાંત નજીકના મુખ્ય સ્થળોથી અંબાજી આવવા સ્પેશિયલ મીની બસોની વ્યવસ્થા પણ કરાઇ છે. ગબ્બરથી અંબાજી ઈં માટે ૨૦ બસો, અંબાજીથી દાંતા માટે ૧૫ બસો, દાંતાથી પાલનપુર માટે ૨૦ બસો દોડાવવામાં આવશે.એસ.ટી. નિગમ દ્વારા યાત્રાળુઓની સુરક્ષા અને સગવડ માટે મોનિટરિંગ, પેસેન્જર શેડ, લાઈન/ક્યુ, જાહેર શૌચાલય અને પીવાના પાણીની સુવિધા જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થાનું સુચારુ સંચાલન કરવા માટે ૪૦૦૦ કર્મચારીઓની ટીમ ખડેપગે રહેશે. ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે ટ્રસ્ટે યાત્રાળુઓ માટે રૂપિયા ૧૦ કરોડનો વીમો લીધો છે. જે ગત વર્ષના વીમા કવરેજ કરતાં ત્રણ ગણો વધુ છે. આ વીમા અંતર્ગત કોઈ પણ શ્રદ્ધાળુનો માર્ગ અકસ્માત થાય અથવા દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તેમને આર્થિક સહાય મળી રહેશે.

આ વીમાની સૌથી મોટી વિશેષતા એ છે કે શક્તિપીઠ અંબાજીના ૫૦ કિલોમીટરના વિસ્તારમાં થતા અકસ્માતોને આવરી લેવામાં આવ્યા છે. આ કવરેજમાં ગુજરાત અને રાજસ્થાનની સરહદ નજીકના ૭ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેથી દૂર-દૂરથી આવતા ભક્તોને પણ સુરક્ષા પૂરી પાડી શકાય.

## ૧ થી ૭ સપ્ટેમ્બર ભાદરવી પૂનમ મહામેળો યોજાશે

શક્તિ ભક્તિ અને શ્રદ્ધાનું સર્વોચ્ચ શિખર એટલે યાત્રાધામ અંબાજી. માતાજીનું હૃદય અહીં બિરાજમાન હોવાથી શ્રધ્ધાળુઓ આ શક્તિપીઠમાં વિશેષ આસ્થા ધરાવે છે. દેવી ભાગવત પુરાણમાં પણ શક્તિપીઠ અંબાજીનો મહિમા વર્ણવાયેલો જોવા મળે છે. આગામી ૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમે અહીં મોટો મેળો ભરાશે ત્યારે આવો જાણીએ શક્તિપીઠ અંબાજીનો મહિમા..



યાત્રાધામ અંબાજીમાં યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં હૈયાથી હૈયુ દળાય એવો માનવ મહેરામણ ઉમટશે. ભારત ભરમાંથી માઈ ભક્તોનું ઘોડાપૂર મેળામાં ઉમટે છે. શ્રદ્ધા વિશ્વાસ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા આ શક્તિપીઠમાં માતાજીનું હૃદય બિરાજમાન હોવાની માન્યતાને લીધે જ શ્રધ્ધાળુઓમાં અંબાજી શક્તિપીઠનું વિશેષ મહત્વ છે.

મા અંબેના પ્રાગટ્યની મૂળ કથા પુરાણ ઉપર આધારીત એક કથા મુજબ પ્રજાપિતા દક્ષે બૃહસ્પતિ સક નામના મહાયજ્ઞનું આયોજન કર્યુ હતું. જેમાં દક્ષે બધા દેવોને નિમંત્રણ આપ્યુ હતું. પરંતુ પોતાના જમાઇ શંકર ભગવાનને બોલાવ્યા ન હતાં. પિતાને ત્યાં યજ્ઞ છે તેવા સમાચાર સાંભળીને ભગવાન શંકરની સમંતિ ન હોવા છતાં દેવી સતિ પિતાના ઘેર પહોંચી ગયાં. ત્યાં યોજાયેલા યજ્ઞમાં ભગવાન શિવને આમંત્રણ ન જોતાં અને પિતા દક્ષના મોઢે પતિની નિંદા સાંભળતા દેવી સતીએ યજ્ઞ કુંડમાં પડી પોતાનો પ્રાણ ત્યજી દીધો. ભગવાન શિવજીએ દેવી સતીના નિશ્ચેતન દેહને જોઈને તાંડવ આદર્યુ અને દેવી સતીના દેહને ખભે ઉપાડી ત્રણેય લોકમાં ઘુમવા માંડ્યાં. ત્યારે આખીયે સૃષ્ટિનો ધ્વંસ થઇ જશે તેવા ડરથી ભગવાન વિષ્ણુએ પોતાનું ચક્ર છોડીને દેવી સતીના શરીરના ટુકડા કર્યા. જે પૃથ્વી પર જુદી જુદી જગ્યાએ જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિ પીઠોનું નિર્માણ થયું. આવા ૫૧ શક્તિપીઠોમાં અંબાજી શક્તિપીઠનું અનોખું અને અલગ મહાત્મ્ય હોવાથી માઇ ભક્તોમાં મા અંબેનું ધામ અંબાજી પ્રત્યે વિશેષ શ્રદ્ધા આસ્થા રહેલી છે.

દેવી ભાગવતની દંતકથા અનુસાર પૌરાણિક સમયમાં મહિષાસુર નામે સમગ્ર બ્રહ્માંડ માટે ખતરનાક રાક્ષસ હતો. તેથી ત્રિદેવ બ્રહ્મા- વિષ્ણુ- મહેશના નેતૃત્વમાં તમામ દેવતાઓ આખરે બ્રહ્માંડની સર્વોચ્ચ શક્તિ મહાદેવી આદ્યશક્તિના અંતિમ આશ્રયે ગયાં.

## સાબરમતીમાં પાણીની આવક વધતાં રિવરફ્રન્ટ પરથી ૧૦૦થી વધુ સાપની બચાવ કામગીરી

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ધરોઈ ડેમમાંથી સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે સાબરમતી નદીમાં ભારે ઉફાન જોવા મળી રહ્યું છે. પાણીનું લેવલ વધતાં વોક વે પર પણ પાણી ફરી વળ્યા છે. આ સિવાય પાણીમાં રહેતાં અનેક સાપ પણ બહાર આવતાં જોવા મળી રહ્યા છે. પાણીમાં સાપ આવી જતાં લોકોના ટોળા તે જોવા માટે ઉમટી પડ્યા છે. જોકે, આ સાપો દ્વારા કોઈ જાનહાનિ ન સર્જાય તેના માટે ફોરેસ્ટ વિભાગના વોલેન્ટિઅર તૈનાત કરવામાં આવ્યા છે, જે આ સાપોની બચાવ કામગીરી કરે છે. આ રેસ્ક્યુ ટીમ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા સાપ પકડવામાં આવ્યા છે. જોકે, અત્યાર સુધી ૨૫૦થી વધુ સાપ પાણીમાં દેખાયા હતા, જે વહેણ મારફતે સાબરમતી નદીમાં આવી ગયા હતા. નોંધનીય છે કે, સાબરમતીમાં પાણી છોડાયા બાદ નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. મહેસાણાથી લઈને સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




પદ્ય રચના : ગણેશજી ઈવેન્ટ

નિખિલ કિનારીવાળા, (અમદાવાદ)
શીર્ષકઃ 'ગણપતિ બાપ્પા મોરિયા'
આવો ને દૂંદાળા દેવ, વાટ જુએ સહુ ભક્તજનો
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
વિઘ્નહર્તા છો ગજાનન, અમ દુઃખ ઝટ હણો તમે
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
ખુલ્લાં દિલ ને ઘરનાં દ્વાર, આવો ને વિનાયક તમે
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
રિદ્ધિ સિદ્ધિ સંગ આવજો, મૂષકને લાવજો ભેળાં
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
કંઈક પકવાન બનશે ને, મોદક રહેશે મોખરે એમાં
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
શુભ ને લાભ ના ભૂલશો, લઈને સંગ આવો તમે
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
સર્વ ગણોના ઈશ ગણેશ, ઓ વિઘ્નહર્તા વિનાયક
ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા
નિખિલ કિનારીવાળા, (અમદાવાદ)
જયશ્રી પટેલ'જયુ' (વડોદરા)

---

★ઉમા પુત્ર ચતુર્થી★

★સ્વાગત ગણેશાય★
★ઘનનઘન વાદળ ગરજે★
લંબોદરાયની ગર્જના ગરજે,
નામે નામે વિનાયક ગરજે
મોદકની મીઠી સુગંધે ગરજે.
માથે મુગટ કાને કુંડળ શોભે,
પીળા પિંતાબંર ને લાલ ખેસ,
ચર્તુભુજમાં શસ્ત્ર ,પદ્મ,મોદક,પાશ,
મૂષક પર સવાર વાંકી સૂંઢે ડોલે ગણેશ.
એકદંત ,ગજાનન અને ગજાવક્ત્ર
નામે છે તે ગુણે છે શિવ પુત્ર,
રૂપ જોઈ દુઃખી મા પાર્વતી,
શિવે આપ્યું વરદાન ગૌરીને.
★સર્વ પ્રથમ પૂજન તુજ પુત્રનું થશે,★
લોક ભૂલશે તેનું રૂપ કહેશે.
★પરથમ પહેલું લખાશે પ્રસંગે★
★શ્રી ગણેશાય નમઃ★

પૂજન થશે તુજ દુંદાળા કાનસુપડિયા પુત્રનું.
★નમો ગણપતાય નમઃ★
★ગણપતિ બાપા મોરયા,★
★પુઢચ્યા વર્ષી લવકર યા★

---

જયશ્રી પટેલ'જયુ' (વડોદરા)

ગણેશ ચતુર્થીની શુભ કામનાઓ

સૌપ્રથમ પૂજન કરું , હે ગણપતિ !
આપજો આયુષ્ય બળ બુદ્ધિ મતિ.
કાનમાં રેડે છે લોકો ઝેર રોજ,
દુર્જનોથી રાખજો બસ દૂર અતિ.
પેટમાં વાતો બધી રહેતી નથી.
સ્થિર કરજો મનની હંમેશા ગતિ.
વાસના વિકાર મનમાં ઘર કરે,
કામને બાળી શમાવોને રતિ.
વિઘ્નહર્તા છો ગજાનન એકદંત,
રિધ્ધિ સિધ્ધિના છો સ્વામી ને પતિ.
આપનું સર્જન કર્યું મૂર્તિરૂપે,
હો વિસર્જન પણ ના છૂટે સંગતિ.
×દીપ× જીવનમાં સદા પ્રગટાવજો,
થાય પ્રગતિ ના કદી હો અવગતિ.

ગણેશ ચતુર્થીની શુભ કામનાઓ

અમૃત શ્રીમાળી (મહેસાણા)
ગણો ના ગણ ગણેશ છો ગુણના અધિપતિ,
પૂજન પહેલાં પૂજીએ પછી શિવ પાર્વતી.
વક્રતુંડાય, મહાકાય સૂર્ય થી અધિક ગતિ,
વિઘ્નહર્તા, સુખદાતા, ગજાનન ગણપતિ.
લંબોદરાય, સકલાય, તમોજ યતિ જતિ,
દુર્ગુણોને દૂર કરજો તમોજ દુર્વાપતિ.
એકલપંડાય,એકદંતાય, રિધ્ધિસિધ્ધિ પતિ,
મૂષક સંગ મહોબ્બત તમો મહેરામણ મતિ.
વરદાતા , સુરદાતા, જગતહિતાય જતિ,
ઈશો ના ઈશ તમેજ છો વહાલા ગણપતિ.
નાયક છો વિનાયક છો નમન કરું નિશ્ચિંત,
શુભકાર્યમાં સાથે રહેજો દુદાળા ગણપતિ.
અમૃત શ્રીમાળી (મહેસાણા)

---

નિરાલી રશ્મિન શાહ×સ્વસા×(અમદાવાદ)
એક અછાંદસ
શીર્ષકઃ ફરિયાદ ગણપતિ બાપાની
ભલે સુપડાં જેવા મારા કાન,
પણ
તમે લોકોએ,શીદ ખોયું ભાન?
રોજ મોટેથી લાઉડ સ્પીકરમાં,શાને વગાડો આવા ગાન! વગાડો ભલે સ્તુતિ, ભજન, થાળ,મઆરતી. પણ
વગાડી 'ચિકની ચમેલી'શાને ખોઈ રહ્યા છો મતિ? હું સુખકર્તા, દુઃખહર્તા, પણ
કરી દીધો, મને માથું દુખતા! ધરાવો મને મોદક, લાડું, પેંડા, બરફી.
પણ
પ્લીઝ! મહેરબાની કરી, ન ધરાવો મને પીઝા, પાસ્તા, નુડલ્સ કે ફ્રેન્કી.
સાંભળું હું, હરકોઈની ફરિયાદ, શું ક્યારેય તમે સાંભળશો ?
તમારા વ્હાલાં ગણપતિ બાપાની ફરિયાદ?
નિરાલી રશ્મિન શાહ×સ્વસા×(અમદાવાદ)

---

ગૌતમ જી. પટેલ. (અમેરિકા)
ગૌરી લાલ વિશ્વવિધાતા
અંતર ચેતનનો ઉત્સવ તમે શ્રી ગણેશ,
સ્નેહ પ્રેરણાનું સિંચન તમે હરિવર તમે.
નિષ્ઠા સમર્પણ ત્યાગ નો ઉડો વિશ્વાસ,
રિદ્ધિ સિદ્ધિ ના દાંત તમે ઓ ગજાનન.
શુભ કાર્ય ના છો તમે દાતા પાર્વતી પુત્ર,
જ્ઞાન વિજ્ઞાન મા પ્રેરણાનું દર્શન છો તમે.
ફળે પુજા જો પ્રથમ થાય દર્શન તમારા,
વિધ્ન હર્તા ભક્તિ શક્તિ ના છો દાતા.
કરો દુઃખ દૂર, તમે સુખ સમૃદ્ધિ ના દાતા,
મોદક ભાવન પ્રસાદ ને પુષ્પ અર્પણ તમને.
પ્રજા કલ્યાણ કાજે સહુ કરે નમન તમને,
કરી દુઃખ દુર આપો સુખ સમૃદ્ધિ ભક્તોને.
થાય પુજાઅરચન તમારા દેવલોકમાં પહેલા,
જય જય કાર આજ ધરાપર જયશ્રી ગણેશ.
ગૌતમ જી. પટેલ. (અમેરિકા)

---

નરેન્દ્ર ત્રિવેદી. (ભાવનગર)
ગં ગણપતે નમઃ
માતા-પિતાની, ચાર પ્રદક્ષિણા કરી પૂજન અર્થે,
ગણી પ્રદક્ષિણા તેને પૃથ્વી તણી, પિતાનાં વચને.
પ્રથમ પૂજ્યનું સ્થાન મળ્યું, ને બન્યાં ગણનાયક,
વિઘ્ન હર્તા, શુભ કર્તા, જગત રહ્યું સદા યાચક.
નહોતી બાળ હઠ,ફરજ હતી માતા તણી આજ્ઞા,
કપાયું મસ્તક ને કહેવાયાં, ગજાનન, પ્રબુદ્ધ જ્ઞાની.
ગણેશાય નમઃ, લંબોદરાય નમઃ શિવ પુત્રાય નમઃ,
લોકજન કરે પ્રાર્થના, સર્વત્ર પૃથ્વી પર સુખાય નમઃ.
આપ્યો મંત્ર જનતંત્રને,કુટુમ્બકમ ભાવના સમજાણી,
વંદન કરીએ ગણગણપતિ તમને,સર્વત્ર પૂજા થવાની.
પધારો સ્વીકારી આમંત્રણ, ઘર ઘરમાં સ્થાપના થવાની,
થશે નાશ દુષ્ટ તત્વનો, સુખ શાંતિ તો સર્વત્ર પ્રસરવાની.
નરેન્દ્ર ત્રિવેદી. (ભાવનગર)
ગાલગા ગાલગાલ ગાગાગા

---

તમને વંદન હે દેવ દુંદાળા.
શિવજી નંદન હે દેવ દુંદાળા.
આંખમાં શોભે કાળું કાજળ ને,
ભાલે ચંદન હે દેવ દુંદાળા.
ફૂલની માળા કંઠમાં સોહે,
ગાલે ખંજન હે દેવ દુંદાળા.
આરતી પૂજા થાય ગણરાયા
ભોગે વ્યંજન હે દેવ દુંદાળા.
રુપ અનોખા ઘણાં છે બદલાયા,
રોજ સ્પંદન હે દેવ દુંદાળા.

મૃદુલ શુકલ 'મૃદુલ મન' (દહીસર મુંબઈ)

---

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)
વ્હાલા શ્રી ગણેશજી.
હા ભોળાનાથજી પિતા, વ્હાલા શ્રી ગણેશજી
જેવા પાર્વતીજી માતાજી, વ્હાલા શ્રી ગણેશજી
એ તો કાર્તિકેયના ભાઈ, વ્હાલા શ્રી ગણેશજી
છે અશોકસુંદરીના બંધુ, વ્હાલા શ્રી ગણેશજી
એ રિદ્ધિ સિદ્ધિના પતિ, વ્હાલા શ્રી ગણેશજી
એ તુષ્ટિ, પુષ્ટિના પતિ, વ્હાલા શ્રી ગણેશજી
હા, શુભ, લાભના પિતા, વ્હાલા શ્રી ગણેશજી
આમોદ, પ્રમોદના દાદા, વ્હાલા શ્રી ગણેશજી
કહે મૂષક વાહન વાળા, વ્હાલા શ્રી ગણેશજી
એ મદનનું શિશ વાળા, વ્હાલા શ્રીગણેશજી
સદા પૂજનીય ગણાતા, વ્હાલા શ્રી ગણેશજી
આશિષ દેવોના પામ્યા, વ્હાલા શ્રી ગણેશજી

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)

ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'. (અમદાવાદ)

---

× ગજાનન આવો ઘરે× ગજાનન, આવો ઘરે,
માણીશું શુભ પળો,લાડવા નૈવેદ્ય સાથે ગુંજે ભક્તિનાં સૂરો.
શંકા-ચિંતા દૂર કરો, આશીર્વાદ દ્યો ખરા,
વિઘ્ન હરો, મુક્તિ ભરો,
કરો જીવન શોભન ભર્યા. આજ ઘરે આરતી નિર્ઝરા,
આજે હર્ષ ઊમંગ છે,
ભક્તહૃદયે તું બિરાજે, એમાં પ્રેમનો રંગ છે.
મૂષક વાહન લાવ્યો સાથે,
મોદકનો થાળ છે તૈયાર, કોઈની મનોકામના અધૂરી ના રહે આ વારમાં.
એકદંત, ચતુરભુજ,
તું જ આરંભનો દાતા,
શ્રદ્ધા અને પ્રાર્થના સાથે કરીએ ગજાનન ની વાર્તા.
ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'. (અમદાવાદ)

હિતેશ આર. પટેલ ×સાવન'' (બારડોલી)
રંગમાં ગણપતિ બાપ્પા
(ગઝલ)
રંગબેરંગી રંગમાં ગણપતિ બાપ્પા,
અવતર્યા છે ને ઉમંગમાં ગણપતિ બાપ્પા.
તેજસ્વીતા જે અનુપમ કિર્તી અનુરૂપે તો,
આવકાર્યા છે ઢંગમાં ગણપતિ બાપ્પા.
એ વિદ્યાધર જ્ઞાન દાતા આનંદે,
સ્વાગતે ન્યારું સંગમાં ગણપતિ બાપ્પા.
દિવ્યપળોની રોનકે સોંપી દીધી,
ના ખબર જેની અંગમાં ગણપતિ બાપ્પા.
આવડે એવું ભજન પણ લલકારુ છું,
પ્રેમભાવેથી ચંગમાં ગણપતિ બાપ્પા.
માત્ર દસ દિવસોના નથી જીવનમાં પણ,
છો તમે બાપા, સત્સંગમાં ગણપતિ બાપ્પા.

હિતેશ આર. પટેલ ×સાવન'' (બારડોલી)

---

રમેશ ગોરૈયા ×અતીત ×
ગણેશજી વિઘ્નહર્તા.
બન્યુ બ્રહ્માંડ માટીના પિંડમાથી,સર્જનહાર ભગવાનજી
માટીના પિંડમા પ્રાણ પૂર્યા જેણે, બનાવ્યા ગણેશજી
ગણેશજી વિઘ્નહર્તા કહેવાય.
આજ્ઞાપાલક હોરે ગણેશજી તમે, પાર્વતીના પ્રિય,
પ્રાણથીય વ્હાલા સતીને,તમે લંબોદર કહેવાય.
ગણેશજી વિઘ્નહર્તા કહેવાય.
હોડ બકી તમે કાર્તિકેય સાથે,નાના મોટાનો ખેલ્યો ખેલ
શરત જીતવા ગયા તમે રે મા-બાપને ચડાવી હેતની હેલ
ગણેશજી વિઘ્નહર્તા કહેવાય.
મંગળ પ્રસંગે સમરે તમને દુનિયાના સૌ લોક રે
એકદંત કેરા સ્મરણ માત્રથી દુઃખ બધા થતાં ફોક રે
ગણેશજી વિઘ્નહર્તા કહેવાય.
વ્યાસજીના લહિયા બનીને,મહાભારતને રે કંડારી
પિતા તમારા જટાધારી ને, ભોલેનાથ ભંડારી
ગણેશજી વિઘ્નહર્તા કહેવાય.

રમેશ ગોરૈયા ×અતીત ×

---

મહેન્દ્ર અમીન 'મૃદુ' ફ્લોરિડા (યુ. એસ. એ.)
ગઝલ
વિઘ્નહર્તા ગણપતિ વિઘ્ન હરે ને
માર્ગે પ્રકાશ આપે,
ગણપતિ બાપ્પા આશીર્વાદ આપે.
વાહન મૂષકનું ને મસ્તક માતંગનું,
બુદ્ધિના સાગર શાંતિનો સ્વર આપે.
દૂર્વા ને મોદકથી પૂજન થાય એનું,
ભક્તિભાવે હૃદયમાં સ્થાન એ આપે.
આરતી સંગે મંગલ ધૂન જે ઊઠે,
એ મંગલમૂર્તિ સૌને શુભ દિશા આપે.
વિસર્જને 'મૃદુ' નયને વહે છે આંસુ,
સ્મરંતુ નૂતન વર્ષે મળવા આશ એ આપે.
મહેન્દ્ર અમીન 'મૃદુ' ફ્લોરિડા (યુ. એસ. એ.)

---

અતુલ ગુસાણી (છઈ)
卐卐 ૐ શ્રી ગણેશાય નમઃ 卐卐
ઓમકાર ના નાદ થી
આતમ નો દીવડો પ્રગટાવી,,
હે જીવ હવે તું પ્રથમ તારી બુદ્ધિ માં શ્રી ગણેશ ને પધરાવી;
ધૂણી ધખાવ એ તારા આતમ ના અગન કેરી,
આપ આહુતિ તેમાં તારી ભક્તિ કેરી;
થશે પ્રસન્ન એ શ્રી ગણેશ તો,
સાથે તે લાવશે અને આપશે તે તને પરબ્રહ્મ ની ભક્તિ ;
મા સરસ્વતી તણું ધ્યાન વરસે તને બુદ્ધિ ,
સાથે લાવશે તે મા લક્ષ્મી કેરી રિદ્ધિ અને સિદ્ધિ;
સાથે તેની પધારશે માં તુષ્ટિ અને પુષ્ટિ,
આ સર્વ તેની કૃપા સાથે જીવન માં રચાશે આનંદ પ્રમોદ ની સૃષ્ટિ;
આ એ જ છે ઈશ ગણો ના ભજ તેને અપાર,
અને ધર ધ્યાન તેનું તેના માં જ ,તે જ તારી કરશે નૈયા પાર;
એ જ છે દેવો માં પ્રથમ પૂજનીય,
તે જ પહોંચાડશે તને અનંત કેરી વાટ થી રામ કૃષ્ણ સુધી.....

અતુલ ગુસાણી **(UAE)**

---

ઈશ્વરી ડૉક્ટર ×ઈશ× (અમદાવાદ)
શીર્ષકઃ ઉમાસુત વંદન
જય વિઘ્નેશ્વર, જય ગણનાયક,
શીશ નમાવી ઊભો યાચક.
જય ગણનાથ, ઉમાસુત વંદન,
ભાલે શોભે લેપિત ચંદન,
સર્વ જગત છે તારુ બાળક.
જય વિઘ્નેશ્વર જય ગણનાયક...
રિદ્ધિ સિદ્ધિ નવનિધિ દાતા
, દુંદાળા સુખસંપતિ દાતા,
વિઘ્ન હરી લેતા વરદાયક.જય વિઘ્નેશ્વર
જય ગણનાયક....
શુભ વિવાહે પૂજન અર્ચન,
હોય પ્રથમ ગણપતિનું સ્થાપન,
(માતપિતા) છે તારુ સ્થાનક. જય વિઘ્નેશ્વર
જય ગણનાયક...
ઈશ્વરી ડૉક્ટર ×ઈશ× (અમદાવાદ)

---

સુધા જે. પુરોહિત'સ્વધા' (હોનોલુલૂ અમેરિકા)
શ્રી ગણેશ સ્તુતિ
વિવાહ,વાસ્તુ કે,હોય શુભ મંગલ પ્રસંગ
શ્રીગણેશજીની પૂજનવિધિ થાય સૌપ્રથમ
વિઘ્નહર્તા શ્રીગણેશ કરે સદા શુભમંગલ
સ્મરણ શ્રીગણેશનું જેકરે,હરે વિઘ્ન તરત
શિવપાર્વતીનાં વ્હાલા સૂત,ઓખાનાં વીર
કાર્તિકેયનાં અનુજ,શ્રીગણેશ સૌનાં પ્યારાં
કુશાગ્રબુદ્ધિ,ચપળ,સુપડ જેવાં છે કાન જેનાં
દુંદાળી ફાંદ,સૌનાં હૃદયમાં છે સ્થાન અનેરાં
જન્મ ચોથનો,ગણેશજીનો,ચોથનો છે મહિમા
ગણેશચતુર્થીનાં દિવસે,વિશેષ પૂજાવિધિ થાય
દૂર્વા,સિંદૂરહલદી ચડે,કુમકુમનાં તિલક કરાય
ચતુર્થીનાં વ્રતનો મહિમા વિશેષ,કરે સૌ જનજન.
'સ્વધા'નિશદિન જપે,રાખો સદા તવ શરણ
પૂજનઅર્ચન કરી આપનું,લાડુંનાં ધરૂ નૈવેદ્ય,
ન અવગુણ ચિત્તધરો,સાંભળો એટલી અરજ
ગાઈને કરીએ તવ સ્તુતિ,હે પાર્વતીજીનાં નંદન.

સુધા જે. પુરોહિત'સ્વધા' (હોનોલુલૂ અમેરિકા)

---

ભારતી ભંડેરી ×અંશુ× (અમદાવાદ)
શીર્ષક : તમને વંદન વારંવાર
તમને વંદન વારંવાર, તમે છો ગુણોના ભંડાર,
તમે રિદ્ધિ સિદ્ધિનાં ભરથાર તમને વંદન વારંવાર.
હર શુભ પ્રસંગે સૌથી પહેલા સમરીએ તમને,
તમે છો વિઘ્નોનાં હરનાર તમને વંદન વારંવાર.
તમે દેવોના અધિપતિ, થાય પ્રથમ પૂજન તમારું,
કાળને અંકુશમાં રાખનાર તમને વંદન વારંવાર.
લાભ-શુભના પિતા 'ને શંકર-પાર્વતીનાં સંતાન,
તમે તીક્ષ્ણ બુદ્ધિ ધરાવનાર તમને વંદન વારંવાર.
×અંશુ× કરે પૂજા 'ને ભાવે ધરાવે મોદકનો પ્રસાદ,
તમે સાક્ષાત સ્વરૂપ ૐકાર તમને વંદન વારંવાર.

ભારતી ભંડેરી ×અંશુ× (અમદાવાદ)

---

શ્યામ ગોયાણી 'શ્યામ' (શિવેન્દ્રનગર હાલ સુરત)
ગણપતિ ગજાનન
ગણરાય પધારો ચતુર્થીએ, કરે જન વંદન,
ગણપતિ ગજાનન, શ્રી ગણપતિ ગજાનન.
ગજમુખ ધારી, લંબોદર, વિદ્યા સુખદાતા,
રિદ્ધિ સિદ્ધિ દાતા, સંકટહર્તા, મુક્તીદાતા,
મોદક હાથે, દુર્વા માથે, જાસૂદ ધરું ચરણ,
ગણપતિ ગજાનન, શ્રી ગણપતિ ગજાનન.
વિઘ્ન વિનાશક, બુદ્ધિદાતા મંગલમૂર્તિ રૂપ,
અષ્ટો સિદ્ધિ નવનિધિ દાતા મોહક સ્વરૂપ,
સુખકર્તા ભવભયહર્તા શંકરસુત ઉમાનંદન,
ગણપતિ ગજાનન, શ્રી ગણપતિ ગજાનન.

શ્યામ ગોયાણી 'શ્યામ' (શિવેન્દ્રનગર હાલ સુરત)

---

કવિ શ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન'(જુનાગઢ)

૫. ગણપતિ વંદના ૫.(ધૂન)
ઓમકાર રૂપ ગણનાયક.. જય ઓમકાર રૂપ ગણનાયક,.. (૨)
સિધ્ધી વિનાયક, શુભ ફલ દાયક,
ગૌરી નંદન ગણપતિ વંદનપઓમકાર રૂપ.. (૨)
ધૂમ્ર લોચન, સંકષ્ટ મોચન,
કરું ગુણગાન વિમોચન..ઓમકાર રૂપ.. (૨)
એક દંતાય, વૈરાગ રૂપે,
શિવજી નંદન ગણપતિ વંદન..ઓમકાર રૂપ ..(૨)
ગજવદનાય, લંબોદરાય,
રિધ્ધિ સિધ્ધી દાતા ગણપતિ બાપા..ઓમકાર રૂપ ..(૨)
ભક્ત રક્ષક, વિઘ્ન નાશક,
પ્રસન્ન વદન તો ગણપતિ દેવા.. ઓમકાર રૂપ ..(૨)
નૈવેદ મોદક, દૂર્વાથી પ્રીતિ,
સિંદુર સોહે ગણપતિ ભાલે.. ઓમકાર રૂપ ..(૨)
રક્ત પુષ્પે, પૂજા અર્ચન,
સ્વેત વસ્ત્રે ગણપતિ સોહે.. ઓમકાર રૂપ ..(૨)
કવિ શ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન'(જુનાગઢ)

---

ખ્યાતિ જીગર દેસાઇ. (અમદાવાદ)
ગણપતિ બાપ્પા મોરિયા, ભકતજનો ના દુઃખ દૂર કરતા.
મોદકના પ્રસાદમા આશીર્વાદની ચાસણી ભરતા.
બાપ્પા તમારું આગમન પવનને પણ સુગંધિત કરે છે.
તમારા પગલાં જ્યાં જ્યાં પડે ત્યાં સુખના બીજ ફૂટે છે.
ઠોલ-ત્રાંસા બહાર વાગે મનમાં ભક્તિના તાર ઝણકે.
તમારી મુર્તિ સામે નજર પડતા તો ચિંતાના વાદળો છટકે.
સોનેરી રથ પર શોભા અનેરી, લાલ ફૂલો અને દુર્વાની માલા શોભતી.
દરેકના હૃદયમાં જાગે ભક્તિ,
ગાય તમારા ગુણગાન.
વીસર્જન વેળા આંખ માંથી અશ્રુઓ વરસે ઝરમર,
અગલે બરસ તુમ જલ્દી આના
કહી વિનવે પ્રભુને પ્રેમ સભર.

ખ્યાતિ જીગર દેસાઇ. (અમદાવાદ)

---

દિપ્તી પટેલ ઓઝા (કલોલ)
વિઘ્નહર્તા વિધ્ન હર, સિદ્ધિ બુદ્ધિ દાતા।
મોદક લાડુ ભાવે, પધાર્યા ગજમુખાતા ?
દૂર્વા અર્પણ પ્રેમથી, ગુંજે આરતી ગાન।
ગણનાયક આશીષે, સુખ શાંતિના ધામ ?
ચતુર્થીનો પાવન દિવસ, આનંદ ભક્તિ સાથે।
બાપ્પા કૃપા વરસાવે, જગત રહી સુમાથે ?
મૂષક વાહન સંગરે, શોભે લાલ શણગાર।
ભક્તો કરે વંદના, હરખે ભર્યો દરબાર ?
કાનમાં ગુંજે મંત્ર જે, આનંદભેર ઉજાસ।
ગણપતિ કૃપાથી મળે, જીવનમાં સર્વ સુખાસ ?
શ્રદ્ધા ભક્તિ સથવારે, કરું તને પ્રણામ।
વિઘ્નહર્તા ગજાનન, દયો મને આરામ ?
બાપ્પા તારા ચરણમાં, મનને શાંતિ મળે।
સર્વ સુખી જગ થાય ને, દુઃખ અંધારાં ટળે ?
દિપ્તી પટેલ ઓઝા (કલોલ)

---

આયા રે આયા રે
ગણપતિ દાદા આયા રે..
મારે તે આંગણે
આવ્યા ગણેશજી...હરખે હરખે વધાવીએ જી રે..
દાદા બાજોઠીએ બિરાજ્યા રે
ફૂલડાનો હાર પહેરાવો રે
માથાનો મુગટ લાવ્યા રે..કંકુ ચોખાથી વધાવીએ જી રે..
મૂષક સાથે સવારી રે
રિદ્ધિ સિદ્ધી સાથે રે
ગરવા શ્રીગણેશને લાડુના રે.. ભોગ અંતરથી ધરાવીએ જી રે..
લીલા પીળા
આભાર - નિહારીકા રવિયા મંડપ રે
શણગાર સોહે દાદા રે
ઉત્સવનો મહિમા ઘનેરો રે..
ગણેશોત્સવ ઘેર ઘેર ઊજવાય જી રે

ઉર્વશી મહેતા.અમદાવાદ

---

માલા કકકડ (મોરબી)
પંચમહાભૂત -પૃથ્વી ,જળ ,અગ્નિ, વાયુને આકાશ ગણાય ..
ને શિવ ,ગણેશ ,શક્તિ, સૂર્ય ,વિષ્ણુની પૂજા આરાધના થાય ..
બારેમાસની વદ ચતુર્થી ગણેશ ચતુર્થી મનાવાય..
ભાદરવા સુદ ચોદશ ગણેશોત્સવ ઉજવાય ..
'હર્ષાય નમઃ 'મંત્ર બોલી પવિત્ર માટી લેવાય ..
'સુપુરવાય નમઃ 'બોલી માટીથી મંગળ મૂર્તિ બનાવાય ..
જળના અધિષ્ઠાતા દેવ ગણપતિ ગણાય ..
સ્થાપન,પૂજન -અર્જન કરી જળ વિસર્જન કરાય ..
'ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તું જલ્દી આ 'કરી વિદાય અપાય ..
ખરેલી ,ઓગળેલી માટી ઘરે લાવી પૂજનમાં રખાય ..
આકાર તો ગયો ઓગળી ..
પણ એ પરમ ચૈતન્ય સૃષ્ટિમાં શાશ્વત મનાય..
માલા કકકડ (મોરબી)

તોષા વ્યાસ (રાજકોટ)




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

ગજાનન આવ્યા રે અમારા ઘેર વિનાયક આવ્યા રે,
પ્યાર થી બનવેલા લાડુ ખાવા એકદંત આવ્યા રે.,
આવો છો તમે પ્રેમ થી બોલાવા થી,
જાવો છો તમે પ્રેમ ભીના આશ્રુ દઈને,
છે એ ખુશી આંખો મા,
જે તમે દઈ જાઓ છો બધાને
વધે છે આત્મવિશ્વાસ અમારા મા
આપના આગમન થી
આવિશ તારા દ્વાર પર
ખુશી ઓ ની મંગલ કામના અને
રિદ્ધિ સિદ્ધિ ની સાથે
મુશકરાજ ની સવારી સાથે
આવી રહ્યો છું શિવ પરિવાર સાથે.
ગણપતિ બાપ્પા મોરયા મંગલમૂર્તિ મોરયા×.
તોષા વ્યાસ (રાજકોટ)

---

પરવેઝ વડનગરી (વડનગર)
શ્રાવણના ગુણ ગાન ગાયા,
પાર્વતી શંકરને અમે યાદ કર્યા.
હવે મોદકનો દિવાના ગણેશ આવ્યાં,
ગણપતી બાપ્પા મોરિયા બોલતા ગયા.
દસ દિવસ મજા મજા આવી જાશે,
નિત નવા પ્રોગ્રામ હવે શેરીમાં થાશે.

કોઈ મોદક તો કોઈ મીઠાઈ લાવશે,
ગણપતી મારી શેરીમાં બિરાજમાન થાશે.

ભજનની ધૂમ મચસે નવા નવા ગણેશ આવશે,
ઉત્સાહ ઉમંગ સાથે ગણપતિ ઉજવાશે.

પરવેઝ વડનગરી (વડનગર)
રેશ્મા ભટ્ટ (સુરત)

---

જન્મ થાય ઉબતને સતીના,
ઉભા હતાં તમે દ્વાર પારે,
આવ્યા શિવજી ભોળાનાથ,
ગર્ભગૃહે પ્રવેશનાં આપતાં,
આવ્યો ગુસ્સો શિવજીને,
શિરચ્છેદ પળમાં કર્યો,
શક્તિનાં વિલાપે ગજમુખે,
સજીવન કર્યા નવલા રુંપે,
ઉજવણી થાય છે ત્યાર થી,
ગણેશચતુર્થીની ધામધૂમે,
આવે રૂડો ઉત્સવ અનેરો,
સૌથી પ્રથમ પૂજે ગણેશજીને,
રાખી દસ દિવસો અંતરે આનંદે,
વિસર્જનનાં દિવસે થાય છે વિયોગી.

રેશ્મા ભટ્ટ (સુરત)

---

જયશ્રી વાઘેલા (મુંબઈ)
ગણરાજ
મારા ગણ ગણ ગણ ગણરાજ.
રિદ્ધિ સિદ્ધિ ના પ્યારા ગણરાજ.
રિદ્ધિ સિદ્ધિ લાવે ગણરાજ.
મારા પ્યારા પ્યારા ગણરાજ.
પહેલા તમોને વંદન,
માત પિતા ની સેવા, કરે ગણરાજ.
મારા પ્યારા પ્યારા ગણરાજ.
વ્યાસજી બોલાવે, ભાગવત લખાવે.
કલમ લીધી તેને હાથ
બન્યા સુંદર લહિયા.
મારા પ્યારા પ્યારા ગણરાજ.
સુંઢ જેની વક્ર, શરીર જેનું મહાકાય,
મારા પ્યારા પ્યારા ગણરાજ.
સુખ કર્તા, દુઃખ હરર્તા
પ્રભુ વિઘ્ન હરનારા
મારા પ્યારા પ્યારા ગણરાજ.
સઘળું શુભ કરનારા, મારા પ્યારા પ્યારા ગણરાજ.
ગાઈએ ગણપતિ જગવંદન , કૃપા સિંધુ સુંદર,
મારા પ્યારા પ્યારા ગણરાજ.
જયશ્રી વાઘેલા (મુંબઈ)

---

શીર્ષક : ગણપતિ રૂપાળા
પ્રથમ પહેલા પૂજા થતી તમારી ,
સમરતા કાર્ય થાય મંગલકારી ,
કોટી કોટી વંદન તમને સૂંઢાળા ,
સર્વસ્થળે સફળતા દેતા દુંદાળા ,
લંબોદર , ગજાનંદ, ગણપતિ રૂપાળા ,
પાર્વતીજી ના જાય ને શિવજી ને બહુ વ્હાલા ,
સકળ વિશ્વ સમાયું છે માત-પિતા માં ,
એવો રૂડો સંદેશ આપનારા ,
રિદ્ધિ - સિદ્ધિ ના સ્વામી વિઘ્નહરનારા ,
ચરણો માં લેજો અમે દાસ તમારા .

દેવ્યાનીબા પી. ગોહિલ × દેવપ્રિયા × ( વરતેજ)

---

મણિલાલ શ્રીમાળી 'મિલન' (અમદાવાદ)
ગણપતિ બાપ્પા મોરિયા
ભાદરવા માસની, શુક્લ ચતુર્થી.
ઘેર ઘેર ગણેશ, ઉત્સવ ઉજવાય.
કુમકુમ તિલક,ને અક્ષત ચોડીને.
બાપ્પા મોરિયાના, ગીતો ગવાય.
પિતા છે શંકરને, માતા પાર્વતી.
મોરિયાને પ્યારી મોદકની આરતી.
એકદંત,ચારભૂજા, મૂષક સવારી.
રિદ્ધિ સિદ્ધિના દાતા,મંગલકારી.
પ્રથમ સમરીએ, સ્વામી સુંઢાળા.
ભજીએ અમે પ્રભુ દેવદુંદાળા
દુઃખ હર્તા સુખ કર્તા ગણનાયક.
વિઘ્નો હરો સહુના હે ઉધ્ધારક.
જય હો, જય હો, પ્રભુ ગણનાથ.
કરજોડી વિનવું પકડો મારો હાથ.
મણિલાલ શ્રીમાળી 'મિલન' (અમદાવાદ)
વિષ્ણુભાઈ પ્રેમચંદભાઈ પંચાલ (દેગામ)
અજન્મા દાતા ગૌરી પુત્ર ગણેશ.
માતાએ મેલનુ પુત્રુ રચાયું, માંહી પુરી પ્રાણ
જીવંત બનાવ્યું, ગૌરી નંદન ગણેશ કહેવાયાં.
ઉભા છે રસ્તો રોકી માતાના આદેશનું પાલન કરવા,
શિવજી ભરાયા ક્રોધે લઈ ત્રિશુલ મસ્તક છેદયા.
માતા પાર્વતી ક્રોધે ભરાયા મારા દિકરાને કોણે માર્યો,
શીવજી જુવે તપાસી આતો ગૌરી નંદ ગણેશ.
કરવો શો ઉપાય હવે મારે શિવજી કરે વિચાર,
પ્રથમ મસ્તક હાથી તણુ લઈ બાળક કરે સજીવન ગણેશ ગજાનંદ કહેવાય.
પાલક છે માતા પિતા ગૌરીશંકર
ગજાનંદે માતા પિતાની પ્રદિક્ષણા કરી રિદ્ધિ સિદ્ધિને વર્યા,
એના ઘેર લાભ શુભ પુત્ર રત્ન પ્રાપ્ત થાય.
શિવજી ના ગણના આગેવાન બની દેવોનો
ઉદ્ધાર કર્યો, ગજાનંદ ગણેશ ગણપતિ કહેવાયાં.
કાન મોટા સાંભળે ઘણું ઝીણું, નાક છે ઘણું મોટું ગંધ પારખે.
આંખો છે ઝીણી નીરખે ઘણું દૂરનું. પેટ છે ઘણું મોટું સૌ પચાવી જાણે.
દેવીપુત્ર કહે ગણપતિ નું રૂપ છે અવલોકિક સમજીને કરો વિચાર,
એના જીવનમાં ના આવે વિઘ્ન.
જય હો વિઘ્નહર્તા ગજાનંદ ગણપતિ નો

વિષ્ણુભાઈ પ્રેમચંદભાઈ પંચાલ (દેગામ)

---

દેવેન્દ્ર જોશી (મુંબઈ)
ગજાનન પધારો
ગજાનન પધારો, વધાવું તમોને;
સિંહાસન સજાવો , વધાવું તમોને.
સદા આંગણું મારું ઝંખી રહ્યું છે;
તો જલ્દીથી આવો, વધાવું તમોને.
અમે દ્વારને તોરણોથી સજાવ્યા;
એ આવી નિહાળો, વધાવું તમોને.
અમે લાલ જાજમ બિછાવી છે રસ્તેઃ
જરા પગલા પાડો, વધાવું તમોને.
અમે ફૂલડાંની કમાનો સજાવી;
નજરથી એ માણો, વધાવું તમોને
હા, રિદ્ધિ ને સિદ્ધિની સંગે પધારી;
અમીદ્રષ્ટિ રાખો, વધાવું તમોને.
અમે ઢોલ ત્રાંસાથી સ્વાગત કરીશું;
તો પગ થનગનાવો, વધાવું તમોને.
ધરાવ્યા છે મોદક તમારા ચરણમાં;
તમે એ સ્વીકારો, વધાવું તમોને.
દેવેન્દ્ર જોશી (મુંબઈ)

કમલેશ.વી.પરીખ (બોડેલી-વડોદરા)

---

×ભક્તિભાવથી ભજનાર×
સખી ! આવ્યો માસ ભાદરવો ને ઉરમાં આનંદ ભરપુર,
આનંદે આંખલડી ભરી ને શ્રીગજાનંદ પધાર્યા રૂષિવર.
રૂડાં આ કૈલાશ ધામ શોભા છે અલૌકિક આ શૃંગની,
માત ભગવંતીની કરુણા થકી ચતુર્થીગણેશ પૂજા સંગની.
તિલક કર્યું છે કેસર તણું ભાલમાં ને અક્ષત ધર્યા ઉપર,
વચ્ચે સોહતી ચંદ્રિકાને મદમસ્ત મલકતિ દંત ધવલ રંગની.
કંઠે ધરીછે મનોહર પુષ્પોની માલા અતિશય સુંદર શોભતી,
કનકે મઢેલી રૂડી સૂંઢ ને શ્રીગજાનંદ શોભા સૌમ્યા અંગની.
'કમલ' સંધ્યા સમયે સાચા સેવક ઊતરે છે આજ આરતી,
પરમ કૃતાર્થ ઉરમાં થાય ભક્તિભાવના થી સૌ ભજનાર.

કમલેશ.વી.પરીખ (બોડેલી-વડોદરા)

ડો સતિષ એસ .પટેલ ×પ્રકૃતિ રક્ષક× (અમદવાદ)

---

શીર્ષક : ગૌરીનંદન મારા વંદન.
ગજાનંદ ગુણ તમારા ગાઉ સદાયે.
એકદંતાય વિઘ્નહારાય નમું સદાયે.
ગૌરી નંદન ગણેશા સૂંઢાળાને કરું વંદન
રિદ્ધિ સિદ્ધિના દાતા ગુણપતિને કરું વંદન
ત્રણે લોકમાં પૂજાય ગજાનંદ તમે પ્રથમ.
મૂષકના અસવારે ભ્રમણ કરે ત્રિલોકમાં .
જે નર નારી કરે પૂજન તે ભવસાગર તરે.
સર્વે ગુણોના સ્વામી દુઃખોનો નાશ કરે
શુભ અને મંગળ કાર્યનું પ્રતીક મારા ગણેશ .
કેતુ ના અધિપતિ દેવ એવા ગદા ધારી ગજાનન
ચારે યુગમાં જાણીતા લંબોદરને ધરાવું મોદક થાળ.
વિનાયક ધૂમ્રકેતુ ભાલચંદ્ર વિઘ્નહર્તા ફૂલ જાસુદ ગમે.
દુંદાળા દેવ હે ! ગૌરીનંદન મારા વંદન વારંવાર.

ડો સતિષ એસ .પટેલ ×પ્રકૃતિ રક્ષક× (અમદવાદ)

---

સ્નેહલ જાની (સુરત)

તિથિ એ ભાદરવા સુદ ચોથ.
શરુ થયો આજથી ઉત્સવ બાપ્પાનો.
સર્જક સમૃદ્ધિના આ ગણેશજી,
પ્રથમ પૂજ્ય એ કહેવાય.
બુદ્ધિના દાતા આ ગજાનન.
રિદ્ધિ સિદ્ધિ સહિત બિરાજતા,
સૌનાં હદયમાં એ વસતા.
આપતા સંદેશ અગણિત,
શરીરનું એક એક અંગ એમનું,
આપતું જીવન જીવવાનો સંદેશ.

સ્નેહલ જાની (સુરત)

---

ડૉ ભાવના એન જોષી ×ચાંદની× (વડોદરા)
બાળ આપનો
હે ગણનાયક ગજાનન બે કર જોડી કરુ વિનંતી આપને,
રાખો સદા તવ ચરણમાં જાણીને મને બાળ આપનો.
છે ચોતરફ વિઘ્નોનો ઝંઝાવાત ફેલાયો શું કહું આપને,
ના સુજે મને કોઇ ઉપાય કરો સહાય હું બાળ આપનો.
આપ વિઘ્નહર્તા સહાય કરો છો આવે શરણે જે આપને,
ઉગારો ધરાને અધર્મીઓના ત્રાસથી વિનવે બાળ આપનો.
આવો અમ ઘેર દેવા કરી સેવા ધરાવુ નિત મેવા આપને,
રિધ્ધિ સિધ્ધિ સહિત પધારો માંગે વર બાળ આપનો.
અંતરના ઓરડે પ્રેમના પુષ્પોથી ઢોળુ વાયરા આપને,
પગલે પગલે ચાંદનીનું અજવાળુ કરે બાળ આપનો.
ડૉ ભાવના એન જોષી ×ચાંદની× (વડોદરા)

---

ફાલ્ગુની યતીન મહેતા (મુંબઈ)
શ્રીગણેશ વંદના
રિદ્ધિ સિદ્ધિ સહ પધારજો સુખ સમૃદ્ધિના દાતા,
અરજ અંતરની સ્વીકારજોહે,વિઘ્નહર્તા બાપ્પા !
કોટિ સૂરજના તેજપુંજથી ઝળહળે તમ આભા,
અમ આંગણને ઉજાળજો હે,ઉમાપુત્ર ગણરાયા!
ચંદ્રતણી શીતળતા ઉજળી તમ લલાટની ચિરશાતા,
અમ,તન મન ઠારી મઠારજો હે, ભાલચંદ્ર દેવ દૂંદાળા!
દુરંદેશી દિવ્ય દ્રષ્ટિ આપની છે સમગ્ર સૃષ્ટિની છાયા,
સરળ અમારી મતિ રાખજો હે,વક્ર વદન મહાકાયા!
પરિક્રમા કરીને માત પિતાની જગત આખું જોનારા..
અમ જીવનના સારથિ થાજો,હે મુષક સવાર સુંઢાળા !
ફાલ્ગુની યતીન મહેતા (મુંબઈ)

---

નલિની રાવલ (વડોદરા)
શીર્ષક ; લયઃ×ઝૂલે ઝૂલે છે ગબ્બર માંય....×
ઝૂલે ઝૂલે છે કૈલાશ માંય ગણેશજી ઝૂલે છે,
તેમને ઝૂલતા તે જોવાની હોંશ ઘણી
ભક્ત ઝુલાવે ભક્તિના ભાવો થકી,
રિદ્ધિ સિદ્ધિ માઁ ખુશ થાય,
ગણેશજી ઝૂલે છે....
માં ને ઝુલતા તે જોવાની હોંશ ઘણી,
માત ઝુલાવે પ્રેમના હિંડોળા થકી,
શિવ ઉમિયાજી ખુશ થાય,
ગણેશજી ઝૂલે છે...
ચોથ ભાદરવીએ પગરણ માંડ્યા,
ધરતી ડોલે છે શ્રીજીના સ્નેહ થકી,
ભક્તો દર્શન પામીને ખુશ થાય,
ગણેશજી ઝૂલે છે..
ભાત ભાતના પકવાન તમને ધર્યા,
એમાં લાડુ બધાથી ઊંચા ઠર્યા,
તમને જમતા જોઈ સૌ હરખાય,
ગણેશજી ઝૂલે છે...
તમે આવ્યા દસ દિવસના મેમાન બની,
સૌ પામ્યા દર્શન આ ઓચ્છવ થકી,
તમે જાઓ તો સૂનકાર થાય,
ગણેશજી ઝૂલે છે...
ઝૂલે ઝૂલે છે કૈલાશ માંય ગણેશજી ઝૂલે છે.
નલિની રાવલ (વડોદરા)

---

વિભૂતિ દેસાઈ ઘાસવાલા (બિલીમોરા)
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી ,
આજ અમારાં દ્વારે,આજ અમારાં દ્વારે.
આસોપાલવનાં તોરણ બંધાવ્યાં સ્વાગત કાજે,
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે (૨)
રૂડાં બાજઠ શણગાર્યા આસન કાજે.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી ,
આજ અમારાં દ્વારે. (.૨)
દરોઈનો તો હાર બનાવ્યો પ્રેમે પહેરાવું.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી ,
આજ અમારાં દ્વારે..(૨)
મોદકનો તો પ્રસાદ બનાવ્યો પ્રેમે આરોગો.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી,
આજ અમારાં દ્વારે..(૨)
ભાવે કરું હું ભક્તિ તમારી પ્રેમે સ્વીકારો.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી ,
આજ અમારાં દ્વારે...(૨)
ગૌરીનંદન અરજ સુણી વહેલાં રે પધારો
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી,
આજ અમારાં દ્વારે...(૨)
દર્શન દઈને ધન્ય કરો અમ સૌનું જીવન.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી ,
આજ અમારાં દ્વારે આજ અમારાં દ્વારે.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા (બિલીમોરા)

---

દિલીપ સી. સોની 'ઝરૂખો' (અમદાવાદ)
ગણેશચતુર્થી
પાટે પધારો દુંદાળા દેવ ગણપતિજી, પૂજન કરું હું ભાવે રે,
મા પાર્વતીજીનાં સ્નાને, ભીની માટીએ સર્જન તમારું પ્રેમે રે,
શ્રીશિવજી સાથે, ગણપતિજીનું શુભ મિલન શૂરવીરતાએ રે,
બહેન ઓખા ને ભાઈ કાર્તિકેયજીને, હૃદયે લાગતાં પ્યારા રે,
રિદ્ધિ-સિદ્ધિનાં સ્વામી છો તમે, શુભ ને લાભના છો દાતા રે,
ગૌરીપુત્ર લંબોદરાયની, ભાવથી ઉતારું આરતી નિજાનંદે રે,
શ્રી ગણેશજી તમ અંગો આપે સંદેશો, સંસારે તે અમૂલ્ય રે,
કાને કુંડળ ચમકતાં ને શોભતાં, ને ચરણમાં મુષક બિરાજે રે,
સુદ વદ ચતુર્થીએ, વિઘ્નહર્તાની પ્રાગટ્ય તિથિ ઊજવાય રે,
સ્વરૂપ તમારું મોહક, મોદક અતિ પ્રિય ને આભા પ્રકાશે રે,
એકદંતે સંદેશો સદુપયોગનો, ને મોટાં મસ્તકે જ્ઞાન વર્ધન રે,
સૂપડાં જેવાં કાને સંદેશ દીર્ઘાયુ, સૂંઢથી કાર્યશીલતા વહે રે,
'ગણપતિ બાપ્પા મોરિયા'ના, નારાઓ ગુંજે ને ઢોલ વાગે રે,
'ઝરૂખો' નિરખે જળે તમ વિસર્જન, ભક્તિની છોળ ઊડે રે.

દિલીપ સી. સોની 'ઝરૂખો' (અમદાવાદ)

---

સ્વાતિ શાહ ''ફ્રૈદ્ગ હૈ છહ્વૈદ્બદ્ઘજ'' (મુંબઈ)
શ્રી ગણેશાય નમઃ
શુભ પ્રસંગે પહેલાં શ્રી ગણેશ થાય,
શિવ પુત્ર ગણેશની સ્થાપના થાય,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
દસ દિવસ આપણે સૌને આંગણે,
ગણેશમૂર્તિની પધરામણી થાય,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
રંગબેરંગી ફૂલોનો શણગાર થાય,
બાપ્પા જોડે મૂષક શોભાયમાન,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
પાર્વતીનંદનને મોદક ધરાવાય,
આરતી પછી, પ્રસાદ વહેંચાય,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
સૌના દુઃખહર્તા, બાપ્પા સુખકર્તા,
ભક્તોને જોઈ બાપ્પા હરખાતા,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
ભક્તોની પૂર્ણ થાય હર મનોકામના,
મૂષકનાં કાનમાં કહી દો ભાવના,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
દસ દિવસે મંગલમૂર્તિનું વિસર્જન થાય,
જયકારા સાથે ભક્તો ભાવવિભોર થાય,
નિત ભજો શ્રી ગણેશાય નમઃ
સ્વાતિ શાહ **"Dil ni Abhilas"** (મુંબઈ)

---

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' (ગોધરા)
★પર્વ ગણેશચતુર્થી★
આવી રે આવી રૂડી ભાદરવા સુદ ચોથ,
મજાનું પવિત્ર પર્વ ગણેશચતુર્થી આવી રે લોલ.
આવ્યો આજ જન્મદિવસ ગણેશજી કેરો,
પાર્વતીનંદનને અભિનંદન પાઠવ્યાં રે લોલ.
મૂષક તણી સવારીએ વિઘ્નહર્તા પધાર્યા,
આનંદ મંગળ સર્વત્ર હરખ છવાયો રે લોલ.
સોનાનો સૂરજ ઊગ્યો સખી આજ મારે
આભાર - નિહારીકા રવિયા આંગણે,
રિદ્ધિ સિદ્ધિનાં સ્વામી મારે ઘેરે પધાર્યા રે લોલ.
મખમલ આસનિયે દેવ રે દુંદાળા બિરાજ્યા,
બાલુડાં વીંઝે બાપાને રૂડાં વીંઝણા રે લોલ.
ચરણો પખાળીને ભક્તિભાવે પૂજન કીધાં,
આરતી ઉતારી શ્રીગણેશ તણી કરી વંદના રે લોલ.
ભાતભાતનાં મેંતો પકવાન બનાવ્યાં,
મોતીચુરનાં મોદક પ્રેમે હરખે જમાડ્યા રે લોલ.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' (ગોધરા)

---

પારૂલ દવે 'પ્રતીતિ' ( ભાવનગર)
શ્રીગણેશ વંદના
આજ ગણેશ ચતુર્થીનો પાવન પ્રસંગ,
ભક્તોના મનમાં છવાયો આનંદ ઉમંગ.
નિર્મળ મનથી ભજું ભવાની નંદન,
શ્રી ગણેશ કરું કોટિ કોટિ વંદન.
મંગલમૂર્તિ, વિઘ્નહર્તા કે કહું ગજાનન,
કહું વિનાયક,ગણાધિપતિ કે ગજવદન.
શિરે શોભે રત્ન મૂકટ,મણિ કુંડલ કાને,
ગળામાં મણિ માળા,હાથમાં ધરે પાંશાકુશને.
શંખ-ઘંટ નાદથી ગુંજે ભુવન,
શ્રીગણેશ નો જય જયકાર કરે સૌ જન.
દુર્વા-મોદક અર્પણ કરીએ ભાવ સંગ,
કૃપા કરો પ્રભુ ગણેશ રિધ્ધિ સિધ્ધિ સંગ.

પારૂલ દવે 'પ્રતીતિ' ( ભાવનગર)

---

શિલ્પા પટેલ (ચીખલી)

આમ થોડું કંઈ આવકાર ભૂલી જાઉં ગજાનન ગણેશા
તારા આવવાની તૈયારી થઈ ગઈ છે અવનીશ ગણેશા

આમ થોડું એંધાણ આગમનના ભૂલી જાઉં ગૌરીનંદન
દેવોના મહાદેવ પૂજા પૂર્ણ થઈ ગઈ છે વક્રતુંડ ગણેશા

આમ થોડું કંઈ ધમાલ ભૂલી જાઉં સિદ્ધ વિનાયક
મંડપ,તોરણિયા,મીઠાઇ થઈ ગયા છે એકાક્ષર ગણેશા

આમ થોડું ભજન,ધૂન, કરતાલ ભૂલી જાઉં ઈશાનપુત્ર
ઢોલ,નગારાના સૂરતાલ થઈ ગયા છે સુમુખ ગણેશા

આમઆવો એટલીવાર છે પછી તો 'ધબકાર' આનંદે
સેવાઅર્ચના સાથિયા થઈ ગયા છે વિઘ્નહર્તા ગણેશા

શિલ્પા પટેલ (ચીખલી)

---

હેતલ પટેલ ''નિજાનંદી''(અમદાવાદ)
રાગ :- પંખીડા તમે ઉડીને જાજો પાવાગઢ રે.
ગજાનન ઓ ગજાનન ,ગજાનન ઓ ગજાનન.
ગજાનન તમે મોદક ખાવા વહેલાં આવો રે ,
ઘર છે મારું કૈલાસ જેવું ગમશે તને રે. ગજાનન ....
મેં'તો લાડુ બનાવ્યાં દાદા ચોખા ઘીના રે ,
હું તો પ્રેમે જમાડું તમને મારે હાથે રે ,
સાથમાં તમે મૂષકને પણ લેતાં આવજો રે.
ઘર છે મારું કૈલાસ જેવું ગમશે તને રે. ગજાનન .....
મારી આંખડી જોવે છે વાટ દેવા તારી રે,
મારાં હેતના હિંડોળે તમને ઝૂલતાં રાખું રે,
રિદ્ધિ સિદ્ધિ સંગ તમે વહેલા આવો રે ,
ઘર છે મારું કૈલાસ જેવું ગમશે તને રે. ગજાનન .....

હેતલ પટેલ ''નિજાનંદી''(અમદાવાદ)

---

હેતલ પટેલ ''નિજાનંદી''(અમદાવાદ)

(૨) રાગઃ- રાધે રાધે રટ ચલે આયેંગે બિહારી

જુઓ જુઓ મારે ઘેર ગણપતિ આવ્યાં,
જુઓ જુઓ હેય.... જુઓ જુઓ મારે ઘેર ગણપતિ આવ્યાં.
લાલખેસ ખભે ને માથે ભગવી પાઘડી ,
રિદ્ધિ , સિદ્ધિ , મૂષક સાથે દેવાની સવારી,
રૂમઝૂમ કરતાં દાદા આસને બિરાજ્યાં,
જુઓ જુઓ હેય ....
દસ દસ દિવસની પૂજા અહી થાય છે,
રોજ રોજ મીઠાં મધુર ભોગ ધરાય છે ,
દુંદાળાને નીરખી મારું મનડું હરખાય છે.
જુઓ જુઓ હેય....
નીત નવાં ભજનોની રમઝટ થાય છે,
સૌ ભક્તો ભક્તિ તણા રંગે રંગાય છે,
તાળીઓના તાલે સૌ આનંદિત થાય છે.
જુઓ જુઓ હેય ......

હેતલ પટેલ ''નિજાનંદી''(અમદાવાદ)

---

જિતેન્દ્ર એન.પરમાર ''જિગર બળાદકર'' (બળાદ)
×ગણપતિ દેવા!×
ગરવા ગણપતિ દેવા છો ખુબ રે દયાળા,
ભજે સેવક એને છો અતિ પ્રિય રે પ્યારા!
દુંદાળા દુઃખ ભંજન છો ગજાનન રે ગણેશા,
દેવોમાં સર્વપ્રથમ પૂજનના છો રે અધિકારા!
વિઘ્નહર્તા દેવ તમે છો મૂળ મહેલના રે વાસી,
રિદ્ધિ સિદ્ધિના દાતાર ગરવા ગણપતિ પ્યારા!
માતા રે પાર્વતીના પુત્ર છો હરો દુઃખ ભક્તોના,
જ્ઞાન બુદ્ધિ દેજો સત્કર્મના તમે છો રે રખવાળા!
પિતાજી શંકરના છે તમને આશીર્વાદ રે અપારા,
દેવોએ દીધા આયુધ આશીષ પણ ગુણ રે તમારા!
ગણોમાં શ્રેષ્ઠ ગણપતિ તમે છો ગણેશા રે પ્યારા,
નવ નિધિ અષ્ટ સિદ્ધિ દાતા અષ્ટવિનાયક દયાળા!
ગાઉં શું ગુણ પ્રભુ પામર 'જિગર' બળે રે જ્વાળા,
અસીમ કૃપા માગું ભવપાર કરો પ્રભુ છો રે દયાળા!
જિતેન્દ્ર એન.પરમાર ''જિગર બળાદકર'' (બળાદ)

---

શૈલેષ ભોઈ ''વૈરાગી'' (કોઠંબા લુણાવાડા)
ગણેશ વંદના

હે શિવ નંદન કરુ નિત વંદન,
સ્મરણ તમારુ સદા શુભમંગલ.
હે વિઘ્નહર્તા વિપત વિનાશક,
ગૌરી પુત્ર ગજાનંદ ગણનાયક.
રિદ્ધિ સિદ્ધિના તમે છો સ્વામી,
તમે સુખ દાતા હે અંતર્યામી.
દેવ દુલારા ને વક્રતુંડવાળા,
મંગલમુર્તિ ને લંબોદરવાળા.
બળ બુદ્ધિના તમે છો પ્રણેતા.
મંગલ કાર્યમાં પ્રથમ પુજીતા
મોદક પ્રિય ને મૂષક સવારી.
કરજો મંગલ કામના અમારી.

શૈલેષ ભોઈ ''વૈરાગી'' (કોઠંબા લુણાવાડા)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

# ગદ્ય રચના : ગણેશજી ઈવેન્ટ

## ૨૭ ઓગસ્ટ ૨૦૨૫



## "ગણેશચતુર્થી" રચનાઓ ના સર્જકો

રાજુલ કૌશિક (બૉસ્ટ્ન યુ એસ એ)
ગણપતિ વિસર્જન.

શ્રાવણ-ભાદરવો એટલે ઉત્સવ, તહેવારના મહિના.
નિરંતર ચાલતી પ્રક્રિયા હોય તો તે છે સમય. વણથંભ્યો એ તો આગળ વધતો જ રહે છે હજુ તો શ્રાવણનાં સરવડાં માણીએ ત્યાં આવીને ઊભો રહે ભાદરવો. ગણેશ સ્થાપનાથી સૌનાં મન અને વાતાવરણ ધન્ય બનશે.
ભાદરવા માસના શુક્લ પક્ષની ચતુર્થીએ આવતી ગણેશ ચતુર્થીનું વિશેષ મહત્વ છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે સુખ, ધન, બુદ્ધિના દાતા ભગવાન ગણેશ પ્રગટ થયા હતા. પૂરા ભાવથી ૧૦ દિવસ સુધી ગણેશમહોત્સવ ઉજવાશે.
હજુ તો ગણપતિ સ્થાપના થતી હશે ને આવીને ઊભી રહેશે અનંતચતુર્દશી અને વાદ-વિવાદ વચ્ચે થશે ગણપતિ વિસર્જન.
વાંચેલી, સાંભળેલી કે જાણેલી વાતો કરતાં આજે વાત કરવી છે, એક એવી અનંતચતુર્દશી અને ચૈત્યન રેલાવે એવી અદ્ભુત ક્ષણોની.
એ સાંજ હતી અનંતચતુર્દશીની, ગણપતિ વિસર્જનની. અનંતચતુર્દશીએ દર્શન કરવાં છે, એવા ભાવ સાથે મંદિર પહોંચ્યાં..
મંદિરે પહોંચ્યાં ત્યારે સાંધ્ય આરતીની શરૂઆત થઈ ગઈ હતી.
જયદેવ જયદેવ જય મંગલમૂર્તિ,
હો શ્રી મંગલમૂર્તિ, દર્શનમાત્રે મનકામના પૂર્તિ,
જયદેવ જયદેવપપ
સામે ગજાનનની સુંદર મૂર્તિ ગોઠવાયેલી હતી. મૂર્તિમાંય આટલો પ્રભાવ હોઈ શકે કે એ મનના ઊંડાણથી ઈશ્વર માટેનો ભાવ હતો એવી વિચારશૂન્યતાની એ જ ક્ષણથી મન પર પરમશક્તિનો પ્રભાવ, ક્યારેય ન અનુભવી હોય એવી ધન્યતા અનુભવાઈ.
આરતીના શબ્દોથી મન અતિ પ્રસન્ન. આરતી પછી ગણેશવંદના અને એક પછી એક આરતીનો દોર ચાલ્યો.
આજ સુધી જોયેલી, સાંભળેલી વિસર્જનની વાતોથી અલગ એ ઘડીઓ હતી. એ વિસર્જન નહોતું . એ હતી વિદાય. આપણા ઘેર આવેલા મહેમાન ફરી ક્યારે પાછા આવે એવી આતુરતા અને પાછા આવવાના જ એવા વિશ્વાસ સાથે અપાતી વિદાય હતી એ.
પૂજારી અને અન્ય ભાવિકોએ ગજાનનની મૂર્તિને હળવેથી ઊંચકીને એક સરસ શણગારેલી ટ્રોલી પર મૂકી. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી બહાર લઈ આવ્યાં. મંદિરના પ્રાંગણમાં થોડી વાર ઊભાં રહ્યાં, સૌએ ગજાનનની મૂર્તિની પ્રદક્ષિણાનો લાભ લીધો, પછી.. ના ભાવભર્યા નાદ અને ગણપતિદાદાની મૂર્તિ સાથે સૌએ મંદિરની પરિક્રમા કરીને અન્ય દ્વારથી બાપાને અંદર લઈ, મંદિરની ઑફિસ જેવા રૂમમાં સ્થાપિત કર્યા. વિદાયની એ ક્ષણ સાથે પુનરાગમનની ક્ષણોની રાહ જોવાની શરૂ થઈ ગઈ.
આ સમગ્ર વિધિ દરમ્યાન ઢોલ, તાશા, મૃદંગના નાદથી મંદિરમાં જે ઊર્જા ઊભી થતી હતી, એનાથી મન, હૃદય પરમ આનંદથી છલછલ.
આ ક્ષણે મનમાં થતાવત એ મંગલમય, પરમ સાક્ષાત્કારની અનુભૂતિ પછી દરેક ગણેશોત્સવ સમયે મન એવું પ્રાર્થે છે કે, હે મંગલમૂર્તિ વિશ્વ વાદ-વિવાદોથી પર પરમ શાંતિ અનુભવે એવા આપના આશિષ હો.
રાજુલ કૌશિક (બૉસ્ટ્ન યુ એસ એ)
માયા દેસાઈ (મુંબઈ)

---

ગણેશજીના વિવિધ નામ

હમણાં મુંબઈ કે મહારાષ્ટ્ર જ નહીં પણ આખું ભારત અને કદાચ બીજાં દેશોમાં વસેલાં ભારતીયો ગણેશજી સાથે ઓતપ્રોત થઈ ગયા છે. એ દેવ જ એવા જેની સાથે આપણે સરળતાથી જોડાઈ જઈએ. જોડાયેલી અનેક કથાઓ, દંતકથાઓ તર્ક સાથે વાંચીએ તો એને ધર્મ સાથે પૂર્વજોએ કેમ જોડી એ સમજાય અને માન ઊપજે.

ગણેશ-ગણ-સમૂહ-દેવતાઓના ઈશ એટલે ગણેશ. ગણપતિ અષ્ટ દિશાઓના સ્વામી છે. પ્રથમ ગણેશજીનું પૂજન કરાય ત્યારબાદ દિશાઓનાં સ્વામીને પ્રવેશ મળે અને દશેય દિકપાલની પ્રસન્નતા અને આહ્વાન વગર શુભ કાર્ય સિદ્ધ થતું નથી.

એકદંત નામ વિશે કથા છે કે,મહાભારત લખવા માટે વ્યાસજીએ ગણેશજીને પસંદ કર્યાં ત્યારે એક મજબૂત કલમ તરીકે પોતાના અડધા દાંતનો ઉપયોગ કરી વિશ્વને એક મહાન ગ્રંથની ભેટ આપી જે ખૂબ સુંદર અક્ષરોમાં લખાયો. આ ડિજિટલ યુગમાં જ્યારે હસ્તાક્ષર મહત્ત્વ ખોઈ બેઠા છે ત્યારે આ વાત કદાચ હાસ્યાસ્પદ લાગે પણ પ્રેરણાદાયી છે.
ૐ બાલદુર્વાન્કુરપ્રિયાય નમઃ.ગણેશજીને અર્પણ થતી દુર્વાનાં અનેક ઔષધીય ગુણો છે. ગણેશજીએ દેવોને ત્રાસમાંથી મુક્ત કરવા અનલાસુર નામના રાક્ષસને ગળી લીધો હતો. અનલ એટલે અગ્નિ, તેથી ગણેશજીના પેટમાં સખત અગન બળવા લાગી ત્યારે એ જલન શમાવવા દુર્વા ગણેશજી માટે ઔષધ તરીકે વપરાઈ હતી. આમ પ્રકૃતિમાં જ ઉપાય શોધવાનું ગણેશજીના નામ દ્વારા સૂચવાયું છે.
શિવજીના ધ્યાનમાં ભંગ ન થાય તેથી ગણેશજીએ , વિષ્ણુના અવતાર પરશુરામને અંદર આવતા રોક્યા.ક્રોધિત પરશુરામની પરશુનાં ઘાને તેમણે એક દાંત પર ઝીલ્યો તેથી તેમનો એક દાંત તૂટી ગયો? ,પણ એમને એક પિતૃવત્સલ પુત્ર તરીકે ઓળખ આપી ,એકદંત તરીકે. ૧૦-૧૨મી સદીની લગભગ છ ફૂટ ઊંચી પથ્થરની મૂર્તિ હાલનાં છત્તીસગઢનાં દંતેવાડામાં છે જે ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ છે.અહીં એવી દૃઢ માન્યતા છે કે ગણેશજીનું પરશુરામ સાથે યુદ્ધ આ પહાડ પર થયું હતું.
એ જ રીતે એમના વાહન માટે એમનું એક નામ, ૐ મૂષકાધિપલાહનાય નમઃ પણ છે જે ઉંદર (મુષક)પર આધિપત્ય દર્શાવે છે. ખેડૂતો માટે અભિશાપ એવા ઉંદર ઊભો મોલ કે ધાન્યભંડારને ભારે નુક્સાન કરે છે ત્યારે ગણેશજી એને વાહન બનાવી સંયમમાં રાખે છે.આમ પ્રકૃતિ સંતુલનમાં પણ એમનો ફાળો છે.
ગણેશજી તો આંતરરાષ્ટ્રીય દેવ છે જે શ્રીલંકા, ઈન્ડોનેશિયા, કંબોડિયા જેવાં દેશની સંસ્કૃતિમાં છે તો અમેરિકા, યુરોપમાં પણ એને માન અપાય છે.જાપાન ,ચીન જેવાં એશિયાઈ દેશોમાં ગણેશજી પૂજાય છે.જૈન અને બૌદ્ધ ધર્મમાં આ દુંદાળા દેવની હાજરી છે. રિદ્ધિ સિદ્ધિનાં દાતા આપણને એમના જેવા પિતૃવત્સલ અને બુદ્ધિવાન બનાવે એ જ અભ્યર્થના!

માયા દેસાઈ (મુંબઈ)

---

ભરત સાંગાણી (અમદાવાદ)
ગણેશનું નિમજજન
ભગવાન ગણેશનું વિસર્જન ગણેશ ચતુર્થી ઉત્સવની પરાકાષ્ઠા દર્શાવે છે. વિસર્જન તરીકે ઓળખાતી આ ધાર્મિક વિધિ તેના શાબ્દિક અર્થથી આગળ વધીને ઊંડું આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. તે જીવનચક્ર, પુનઃશરૂઆત અને તમામ ધરતીના જોડાણોની અસ્થાયીતાનું પ્રતીક છે.
ગણેશ ચતુર્થી ભગવાન ગણેશના જન્મનું સ્મરણ કરે છે, જે અવરોધો દૂર કરનાર અને શાણપણનું મૂર્ત સ્વરૂપ છે. દસ દિવસ સુધી, ભક્તો ગણેશની પૂજા કરે છે, તેમના આશીર્વાદ અને રક્ષણની માંગ કરે છે. માટી અથવા પ્લાસ્ટર ઑફ પેરિસ જેવી કુદરતી સામગ્રીમાંથી બનાવેલી મૂર્તિને ઘરો અને જાહેર પંડાલોમાં સ્થાપિત કરવામાં આવે છે.
તહેવારના અંતિમ દિવસે, ભક્તો તેમના પ્રિય ગણેશને વિદાય આપે છે, મૂર્તિને પાણીમાં, સામાન્ય રીતે નદી, સમુદ્ર અથવા તળાવમાં ડુબાડી વિસર્જન કરે છે. આ ધાર્મિક વિધિ મંત્રોચ્ચાર, પ્રાર્થના અને ભાવનાત્મક વિદાય સાથે જોડાયેલી છે. વિસર્જન પ્રતીક છે:
અસ્થિરતાઃ જીવનની ક્ષણિક પ્રકૃતિ અને તમામ પદાર્થો સાથે ધરતીનું જોડાણ અસ્થાયી છે.
વિદાયઃ આસક્તિ, ઈચ્છાઓ અને અહંકારને છોડી દેવા.
આધ્યાત્મિક મહત્વઃ સર્જન તેનું વિસર્જન છે.
ગણેશનું વિસર્જન જીવનની ક્ષણભંગુરતાના કરુણ સ્મૃતિપત્ર તરીકે કામ કરે છે. ધાર્મિક વિધિ ભક્તોને તેમના અહંકાર અને આસક્તિને સમર્પણ કરવા પ્રોત્સાહિત કરે છે.
જીવનચક્રઃ વિસર્જન - જીવન, મૃત્યુ અને પુનર્જન્મના કુદરતી ચક્રનું પ્રતિનિધિત્વ કરે છે. જે પરમાત્માના શાશ્વત સારને પ્રતિબિંબિત કરે છે. શુદ્ધિકરણઃ નિમજ્જન(ડૂબાડવું) શુદ્ધિકરણનું પ્રતીક છે, ભૂતકાળની ભૂલો અને નકારાત્મક વલણોને ધોઈ નાખે છે.
તાજેતરના વર્ષોમાં, વિસર્જનની પર્યાવરણીય અસર વિશે ચિંતા વધી છે, ખાસ કરીને મૂર્તિની સામગ્રી અને જળ પ્રદૂષણ અંગે. ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો, જેમ કે માટી અથવા કાગળ-માચની મૂર્તિઓ અને તેની નિમજ્જનની (ડૂબાડવું ) પદ્ધતિઓ, લોકપ્રિયતા મેળવી રહી છે.
ગણેશનું વિસર્જન સાંસ્કૃતિક
આભાર - નિહારીકા રવિયા મહત્વ ધરાવે છે.
ધાર્મિક વિધિ સમુદાયના બંધનને પ્રોત્સાહન આપે છે, કારણ કે લોકો તેમના પ્રિય દેવને વિદાય આપવા માટે ભેગા થાય છે.
પરંપરાઃ વિસર્જન સદીઓ જૂની પરંપરાને ચાલુ રાખે છે, જે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખે છે.
ભાવનાત્મક પરિત્યાગઃ ધાર્મિક વિધિ એક ભાવનાત્મક આઉટલેટ પ્રદાન કરે છે, જેનાથી ભક્તો તેમના પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે છે.
ભગવાન ગણેશનું વિસર્જન - નિમજ્જન આપણને જીવનની અસ્થાયીતા, અલગતાના મહત્વ અને અસ્તિત્વની ચક્રીય પ્રકૃતિની યાદ અપાવે છે.
પાણીમાં ઓગળતી જતી મૂર્તિ આપણને યાદ અપાવે છેઃ
"જીવન એક ક્ષણિક ક્ષણ છે, અનંતકાળના સમુદ્રમાં એક ટીપું છે.
ભરત સાંગાણી (અમદાવાદ)

---

નિરાલી રશ્મિન શાહ"સ્વસા"(અમદાવાદ)
શીર્ષકઃજય જય શ્રી ગણેશ
.શ્રી ગણેશાય નમઃ
ભાદરવામાસની શુક્લપક્ષની ચતુર્થી એટલે 'ગણપતિ ચોથ' જેને આપણે સહુ "ગણેશ ચતુર્થી" તરીકે જાણીએ છીએ.આ ચતુર્થીથી અનંત ચૌદશ સુધી શ્રી ગણેશજીનું આપણે વિશેષ અભિવાદન કરતાં હોઈએ છીએ.
હિન્દુ ધર્મમાં ભગવાન શ્રીગણેશનું ખૂબ મહત્વપૂર્ણ સ્થાન છે. ..તેમની પત્નીઓ રિધ્ધી અને સિધ્ધિ છે.તેમનું વાહન મૂષક છે.
વક્રતુંડ મહાકાય સૂર્યકોટી સમપ્રભઃ નિર્વિઘ્નં કુરુમેદેવ સર્વકાર્યેષુ સર્વદા
આ શ્લોકની અને શ્રીગણેશજીની પૂજા-અર્ચનાની સાથે જ હિન્દુ ધર્મમાં કોઈપણ ધાર્મિક,માંગલિક, શુભ કાર્યોની શરૂઆત કરવામાં આવે છે.જેથી તે નિર્વિઘ્ને પાર પડે.
હિન્દુ પૌરાણીક કથાઓ અનુસાર ભગવાન શ્રીગણેશ શિવ-પાર્વતીના પુત્ર છે.અને તે વાસ્તવમાં દેવી પાર્વતીની રચના હતી.દેવી પાર્વતીએ શ્રીગણેશને પોતાના શરીરના મેલમાંથી બનાવ્યા હતાં અને પોતે સ્નાન અર્થે જાય ત્યારે કોઈ ઘરમાં પ્રવેશી ન જાય તે માટે દરવાજાની રક્ષા કરવા માટે ઉભા રખાયા.
જ્યારે શિવજી આવ્યા ત્યારે ગણેશજીએ તેમને અંદર પ્રવેશતાં અટકાવ્યા. આથી શિવજી ગુસ્સે થયાં અને તેમણે શ્રીગણેશનું મસ્તક પોતાના ત્રિશૂળ થી છેદીને તેને ધડથી અલગ કરી નાખ્યું. પરંતુ આ જોઈને કોપાયમાન થયેલા દેવી પાર્વતીનો ક્રોધ શાંત કરવા માટે ગણેશજીને પુનઃ જીવિત કરવા બાળહાથીનું મસ્તક તેમના ધડ પર જોડી દેવામાં આવ્યું. અને આમ બાળ ગણેશ પુનર્જીવિત થયાં.
હાથી જેવું શિશ હોવાને કારણે તેમને ગજાનન પણ કહે છે.ગણોના સ્વામી હોવાને કારણે ગણનાયક,,પેટ મોટું હોવાને કારણે લંબોદર, દુષ્ટ લોકોને દંડ દઈને વક્રતુંડ,કપાળમાં ચંદ્ર એટલે ભાલચંદ્ર,અસુરો સાથે લડતાં એક દાંત તૂટ્યો એટલે એકદંત,ગૌરીપુત્ર, તેમના આઠ શક્તિપીઠ(જે બધા જ મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલા છે) છે એટલે અષ્ટવિનાયક આમ શ્રીગણેશના વિવિધ નામ પ્રચલિત છે.
એવું કહેવાય છે કે યુદ્ધમાં ગણેશ કુશળ સેના નાયક છે.વળી નૃત્યકળામાં પણ નિપુણ છે.શ્રીગણેશ વિશ્વરૂપ દેવતા પણ છે.તેમનું મોટું હાથીનું માથું શાણપણનુ પ્રતીક છે.અને મોટા સુપડા જેવા કાન દર્શાવે છે કે તે હંમેશા સાંભળે છે,ગ્રહણ કરે છે અને સમજે છે.
ભગવાન શ્રીગણેશ શાણપણ,પવિત્રતા,શાંતિ, સમૃધ્ધિ અને શુભતાના પ્રતીક છે.લાભ અને શુભ તેમના બંને પુત્રો છે.તેમની સાદગી અને જીવનના રહસ્યોની ગહન સમજણે ઘણી પ્રાર્થનાઓને પ્રેરણા આપી છે.જે સામાન્ય રીતે "ઓમ ગં ગણપતયે નમઃ" થી શરૂ થાય છે. તે આપણને આપણા ધ્યેયો ઊંચા રાખવાનું શીખવે છે.તે આપણને સમૃધ્ધ બનવામાં મદદ કરે છે.અને સફળતાના માર્ગમાંથી તમામ અવરોધો દૂર કરે છે.
વિઘ્નેશ્વરાયવરદાય સુરપ્રિયાય,
લંબોદરાય સકલાય જગદ્વિતાય,
નાગાનનાય શ્રુતિયજ્ઞ વિભૂષિતાય,
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે
ભગવાન મંગલમૂર્તિ આપણી સર્વ મનોકામના તેમજ સર્વે કાર્યો નિર્વિઘ્ને પરિપૂર્ણ કરે તથા ઘરમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ અર્પે તેવી ભગવાન શ્રીગણેશના ચરણોમાં પ્રાર્થના.........
નિરાલી રશ્મિન શાહ"સ્વસા"(અમદાવાદ)

---

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
ગણેશ ચતુર્થી
ગણેશ ચતુર્થી નો તહેવાર તિથિ અનુસાર ભાદરવા સુદ ચોથના દિવસે આવે છે. અને ૧૧ દિવસ સુધી ચાલે છે. શિવજી અને પાર્વતી નાં પુત્ર ગણેશજીનાં જન્મદિવસ તરીકે ગણેશ ચતુર્થી મનાવવામાં આવે છે. ગણેશજી બાળકોનાં અતિ પ્રિય છે. તેથી ગણેશ ચતુર્થી બાળકો નો પ્રિય તહેવાર છે. ગણેશ વિઘ્નહર્તા કહેવાય છે. શુભ કાર્યમાં ગણેશજી સૌથી આગળ હોય છે. એમની મૂર્તિમાં પ્રેરણાનું સ્ત્રોત વહે છે. એમનાં પ્રિય ભકતોને એ સ્વરુપે શુભ સંદેશ આપે છે.
વક્રતુંડ મહાકાય સૂર્યકોટી સમપ્રભઃ
નિર્વિઘ્નં કુરુમેદેવ સર્વકાર્યેષુ સર્વદા
એવું કહેવાય છે કે, યુદ્ધમાં શ્રી ગણેશ કુશળ સેના નાયક છે તો તે નૃત્યકળામાં પણ નિપુણ છે. શ્રી ગણેશ વિશ્વરૂપ દેવતા પણ છે.
ગણેશ ચતુર્થી નાં દિવસે લોકો પોતાનાં ઘરમાં સોસાયટીમાં મંદિરોમાં શેરીઓમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના કરે છે, લોકો પ્રદુષણ અટકાવવા માટે માટી ની મૂર્તિ પસંદ કરે છે. અને મૂળ સ્થળથી ખરીદી કરી માન સન્માન સાથે સન્માનિત કરી ઢોલ નગારા વાજતે ગાજતે ટ્રકમાં બળદ ગાડામાં ઉઠસવારી માં ખોળામાં લઈ પગપાળા દાદા ને બેસાડી મૂળ સ્થળે લાવી મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે.
અને આજનાં દિવસ શેરીઓમાં પોળોમાં ઘરોમાં સોસાયટીમાં રસ્તાઓ વચ્ચે મેદાનમાં ફૂલોથી સજાવટ કરવામાં આવે છે. એક સમયે એવો હતો કે અમુક જગ્યાએ ૧૦ એ ૧૦ દિવસ રોજ રાત્રે અલગ અલગ પ્રકારનાં પ્રોગ્રામ થતાં હતાં . જેમાં નાટક ફિલ્મો બતાવી ઉત્સવ મનાવવામાં આવતું હતું. તે સમયે આવાં પ્રોગ્રામ અમે નિહાળ્યાં હતા. એ આનંદ ઉત્સવ મસ્તીની ઉજવણી કંઈક ઓર જોવાં મળતી હતી . મૂર્તિની સ્થાપના બાદ સવાર સાંજ બાપા ની પ્રસાદી ધરી આરતી કરવામાં આવે છે સંપૂર્ણ ભારતમાં ખૂબ જ ધામધૂમથી આ તહેવાર ઉજવવામાં આવે છે. પરંતુ મહારાષ્ટ્રમાં આ તહેવારની વિશેષતા કંઈક ઓર છે. લાલબાગના ગણપતિ બાપાને ખૂબ મહત્વ આપવામાં આવે છે, લોકો દૂર દૂરથી લાલબાગના ગણપતિ બાપા નાં દર્શન કરવાં આવે છે. દસ દિવસ બાદ ગણપતિજીની મૂર્તિને વિદાય આપવામાં આવે છે.
ભદ્ર પદ મહિનાના શુક્લ પક્ષ ની ચતુર્દશી તિથિ શ્રી ગણેશજીને સમર્પિત છે આ તિથિને અનંત ચતુર્દશી (છહટ્ટહં ઝરદ્ગૈંદ્વિટ્ટજરૈ) તરીકે ઓળખવામાં આવે છે. આ શુભ અવસર પર ગણપતિ બાપા નું વિસર્જન કરવામાં આવે છે અને હર્ષ ઉલ્લાસ આનંદ દુઃખ સાથે ઉત્સવની પૂર્ણાહુતિ કરીને... બાપાનાં ભક્તો એક સ્વરમાં બોલી ઊઠે છે. - 'અગલા વર્ષે લવકરીયા' એટલે આવતાં વર્ષે જરૂર આવજો.
ઓમ્ ગં ગણપતે નમઃ
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)

---

સંજય બી. મહેતા. (અમદાવાદ)
શીર્ષક : "ગણેશ ચતુર્થીઃ વિઘ્નહર્તાનો મહિમા અને ઉત્સવ"
હિંદુ આસ્થા ધરાવનાર દરેકના મન-મસ્તિષ્ક સાથે જોડાયેલું નામ છે શ્રી ગણેશ! "ગણપતિ દાદા મોરિયા, અડધો લાડુ ચોરિયા"ના નારા સાથે બાળપણથી જ ગજાનન આપણી સાથે જોડાઈ જાય છે. તરુણ યુવાનીમાં પગરણ માંડે કે લગ્નનો માંગલિક સંસ્કાર આવે, દરેક મંગલ કાર્યની શરૂઆતમાં "પહેલાં પરથમ ગણેશ બેસાડો રે, મારા ગણેશ દુંદાળા"થી પ્રારંભ થાય છે.

આપણે સૌ જીવનની નૌકાને સફળતાપૂર્વક ચલાવવા શ્રી ગણેશજીના પિતા ભોળાનાથની ભક્તિ કરીએ છીએ, તો એમની પત્નીઓ રિદ્ધિ અને સિદ્ધિની કૃપા દરેક વ્યક્તિ હંમેશા ઈચ્છે છે. એમના પુત્રો શુભ અને લાભનું દરેક ઘરના બારણે સ્વાગત કરીએ છીએ. ધંધામાં બરકત અને જીવનમાં ધનની મદદથી થતાં મંગલ કાર્યોની સૌ કામના કરે છે. આમ, ગણેશજીની કૃપા જીવનના દરેક તબક્કે અનિવાર્ય છે.

ગણેશજીનો જન્મ પિતા શંકરની ગેરહાજરીમાં દેવી પાર્વતીએ માટીના પિંડમાંથી કર્યો.
આભાર - નિહારીકા રવિયા ભાદરવા સુદ ચતુર્થીએ થયેલો આ જન્મ ગણેશ ચતુર્થી તરીકે ઉજવાય છે. કુદરતનું દરેક સર્જન પંચ તત્વોમાંથી થાય અને તેમાં જ સમાઈ જાય છે. આ સિદ્ધાંત પ્રમાણે ગણેશ સ્થાપન, અર્ચન, કીર્તન અને વિસર્જન થાય છે. પ્રતિમામાં સ્થાપિત ગણેશજીનું વિસર્જન થાય, પરંતુ તેમાં રહેલ પ્રાણરૂપ શ્રી ગણેશ અજર-અમર છે. એક માન્યતા પ્રમાણે, વિસર્જન સમયે ગણેશજી ઘર અને સમાજનાં દુઃખ, દર્દ અને ચિંતાઓ લઈ જાય છે.

વિઘ્નહર્તા શ્રી ગણેશનું અર્ચન ગુજરાતના લોકજીવનમાં વણાઈ ગયું છે. ગણેશ ચતુર્થીનો ઉત્સવ મહારાષ્ટ્રથી શરૂ થયો, પરંતુ આજે ગુજરાતની ગલીએ-ગલીએ ગણેશ સ્થાપન થઈ ગણેશોત્સવ ઉજવાય છે. આ તહેવાર માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક રીતે પણ મહત્વ ધરાવે છે. ગુજરાતના શહેરો અને ગામડાઓમાં ગણેશોત્સવના પંડાલોમાં લોકો એકઠા થઈ નૃત્ય, સંગીત અને નાટકોનો આનંદ માણે છે. ખાસ કરીને યુવાનો આ તહેવારમાં ઉત્સાહથી ભાગ લે છે અને ગણેશ વિસર્જનની શોભાયાત્રામાં ઢોલ-નગારાં સાથે નૃત્ય કરે છે. આ શોભાયાત્રા એકતા અને સમુદાયની ભાવનાનું પ્રતીક બની રહે છે.

ગણેશચતુર્થીનો તહેવાર આપણને પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો પણ સંદેશ આપે છે. આજકાલ ઘણા લોકો ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓ બનાવીને પર્યાવરણનું જતન કરવા પ્રયાસ કરે છે. માટીની મૂર્તિઓ અને કુદરતી રંગોનો ઉપયોગ વધી રહ્યો છે, જે પાણી અને પર્યાવરણની શુદ્ધતા જાળવવામાં મદદ કરે છે.

ગણેશચતુર્થી આપણને સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરા જાળવતાં એકતાનો પણ સંદેશ આપે છે. આ તહેવાર દરેકના જીવનમાં નવી ઉર્જા અને આશા ભરે છે. ચાલો, આ ગણેશોત્સવે ભગવાન ગણેશની કૃપાથી આપણું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરાઈ જાય એવી પ્રાર્થના કરીએ. ગણપતિ બાપ્પા મોરિયા!
સંજય બી. મહેતા. (અમદાવાદ)

---

મનુભાઈ પટેલ. મનમોજી. (યુએસએ)
શીર્ષક : ગણપતિ બાપ્પા મોરિયા
ભારત દેશમાં ગણપતિ દાદાના અસંખ્ય મંદિર આવેલાં છે. સવાર સાંજ મંદિરમાં આરતી થાય ત્યારે અને ઉત્સવ હોય ત્યારે ગણપતિ બાપ્પા મોરિયાના નારાથી વાતાવરણ ગુંજી ઊઠે છે. પરંતુ આ નારા લગાવનારને કદાચ ખ્યાલ જ નહી હોય કે મોરિયા કેમ બોલાય છે.
રસપ્રદ વાત એ છે કે મોરિયા એક કર્ણાટકના સંત હતા. મરાઠી ગ્રંથોમાં ઉલ્લેખ મુજબ આ સંત ગણેશજીના બહુ મોટા ભક્ત હતા અને બાપાએ જાતે તેમને આશીર્વાદ આપ્યા હતા. મોરિયા ગોસાવી શાલીગ્રામ કર્ણાટકના બીડાર ગામમાં ૧૪ મી સદીમાં જન્મ્યા હતા. તેમણે આકરું તપ કરીને ગણપતિદાદાની આરાધના કરી હતી. એવું મનાય છે કે ગણપતિ દાદાએ મયુરેશ્વરના રૂપમાં સાક્ષાત મોરિયાને દર્શન આપ્યા હતા.
. ગણેશજીએ જ્યારે મોરિયાને વરદાન માગવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે તે ગણેશજી સાથે એક થવા માંગે છે. આથી તે દિવસથી મોરિયાનું નામ ગણપતિદાદાના નામ સાથે જોડાઈ ગયું છે. મોરિયાને યોગીરાજે મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં જઈને તપસ્ચરિયા કરવા કહ્યું હતું. મોરિયાએ ૪૨ દિવસ ઉપવાસ કરીને આધ્યાત્મિક જાગૃતિ કેળવી હતી. સાત પેઢી સુધી મોરિયા વંશના લોકો ગણેશજીના પ્રખર ભક્તો હતા. આ સાથે પેઢીના લખાણો ઉપલબ્ધ છે. થીપૂરમાં આવેલું ચિંતામણી મંદિર અષ્ટવિનાયક યાત્રામાંનું એક મંદિર છે
. ગ્રંથોમાં ઉલ્લેખ છે કે મોરિયાએ અમદાવાદના સિદ્ધિવિનાયક મંદિર અને મોરે ગામના મોરેશ્વર મંદિરમાં પણ તપ કર્યું હતું. મોરિયાને પછી પૂણે ચિંચવાડ જવાનો બૂલાવો આવ્યો અને ત્યાં તેમણે ગણેશ મંદિર બનાવ્યું. જેની આજની તારીખે ભક્તજનો મુલાકાત લે છે. તેમણે અહીં અન્નદાનને પ્રોત્સાહન આપ્યું હતું અને ગરીબોના ભોજન માટે રસોડા પણ બનાવ્યા હતાં.
. ગુજરાતના ચુંવાળ પંથકમાં દેત્રોજ તાલુકાના રૂદાતલ ગામમાં ( મારા ગામમાં) ગણપતિ દાદાનું મોટું મંદિર આવેલું છે. આ મંદિર ઘણું વર્ષો જૂનું છે. રૂદાતલ ગામથી આશરે ત્રણ કિમી દૂર ગામની સીમમાં આવેલું છે. વરસો જૂની પરંપરા મુજબ અહીં વૈશાખ સુદ ચોથના દિવસે મોટો મેળો ભરાય છે. હજારો ભક્તો અહીં દર્શન કરવા આવે છે.
રૂદાતલ ગામથી હાથિયો અને ગણપતિ બાપાની બળદ ગાડામાં શણગારેલી માંડવી નીકળે છે જે સાંજના આશરે સાડા ચાર વાગે નીકળી છેક ગણપતિ બાપ્પાના મંદિરે જાય છે અને મોડી સાંજે પરત ગામમાં આવે છે. માંડવી સાથે બીજા બળદ ગાડામાં એક ચકડોળ હોય છે જેના ઉપર યુવાનો બેસીને ઘૂમતા હોય છે. આ માંડવીની સાથે હજારો લોકો ચાલતા ચાલતા મંદિરે જાય છે. રસ્તામાં નાસ્તો, જ્યુસ, ચા પાણીની પણ સગવડ હોય છે. જે શ્રધ્ધાળુ લોકોએ સેવા માટે ઊભા કરેલ સ્ટોલ હોય છે. ઘણા લોકો આ મંદિરે આવી દર્શન કરી પોતાના મનની ઈચ્છા પૂર્ણ કરવા માનતા કે બાધાઓ રાખે છે. ગણપતિ બાપા એ બધાની મનોકામના પૂર્ણ કરે છે.
હાલમાં આ મંદિરે અન્નક્ષેત્ર પણ ચાલે છે. ત્યાં શ્રધ્ધાળુઓ વિના મૂલ્યે ભોજન પ્રસાદ લે છે. દાનની રકમમાંથી આ અન્નક્ષેત્ર ચાલુ છે. રોજ અસંખ્ય લોકો દર્શન કરવા અહીં આવે છે અને દાનનો અવિરત પ્રવાહ ચાલુ જ રહે છે.
જય શ્રી ગણેશ
મનુભાઈ પટેલ. મનમોજી. (યુએસએ)

---


રતીલાલ વાયડા (નવી મુંબઈ)

વિષય :- ★ગણેશ ચતુર્થી.★
ગણેશ ચતુર્થી એટલે કે ભગવાન ગણપતિનો જન્મદિવસ.. ભાદરવા સુદ ચોથથી શરૂ કરી અને અનંત ચતુર્થી સુધી આ ઉત્સવને ભારતભરમાં મનાવવામાં આવે છે.
એક વખત માતા પાર્વતી સ્નાન કરતા હોય છે. એ સમય દરમિયાન તેના પુત્ર ગણેશને તેમનું ધ્યાન રાખવાનું કહે છે. એ સમય દરમિયાન ભગવાન શંકર ત્યાં આવી ચડે છે. તેના પુત્ર ગણપતિ તેને રોકે છે. ભગવાન શંકર ક્રોધિત થઈ તેનું મસ્તક છેદિ નાખે છે. માતા પાર્વતીને જ્યારે આ જાણ થતા તેણે તેને ફરીથી સજીવન કરવાનું જણાવે છે. ભગવાન શંકરે તેના મસ્તકની જગ્યાએ હાથીના મસ્તકનું આરોપણ કરી અને ફરીથી ગણપતિને સજીવન કરે છે. આ કથા મુખ્ય છે. ભગવાન શંકર જેવો આ જગતમાં કોઈ આવી શસ્ત્રક્રિયા કરનાર હજી સુધી જન્મ્યો નથી. કોઈપણ શુભ કાર્યની શરૂઆતમાં ભગવાન ગણપતિનું પૂજન કરવામાં આવે છે.
હે ગણપતિ તમે વક્રતુંડ, મહાકાય, સૂર્ય કોટી જેવા પ્રભાવ વાળા ,ધુમ્રકેતુ,ગણાધ્યક્ષ ,ભાલચંદ્ર ,ગજાનંદ , એક દાંત વાળા, આવા અનેક નામોને આપ ધારણ કરો છો. આપ ચાર હાથ વાળા છો હાથમાં પાસ અંકુશ લાડુ પાત્ર વિગેરે ધારાવો છો. આપનું વાહન મૂષક છે. આપના સુપડા જેવા કાન છે, તેમજ રક્તવસ્ત્રો ધારણ કરો છો. રક્ત પુષ્પો, દુર્વા , લાડું વગેરે આપને ખૂબ પ્રિય છે.
હે ગણપતિ તમે સત્ય ,પરબ્રહ્મ ,સર્જક ,સંહારક અને પરબ્રહ્મ છો. પ્રત્યક્ષ, વાણી, ચૈતન્ય, સત ,ચિત, આનંદ, સમગ્ર જગતને પ્રગટ કરનાર, સત્વ, રજસ, તમસ, સ્થૂળ અને સૂક્ષ્મ ગુણોને ધારણ કરનારા, તમે બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ, વાયુ ,ચંદ્ર ,સૂર્ય અને ઓમકાર સ્વરૂપ છો. આપની પૂજા અને સ્મરણ કરનારા તમામના તમામ દુઃખો હરનારા છો, જલ્દીથી રાજી થનારા છો. યોગીઓ આપને હંમેશા ભજે છે અને મોક્ષની પ્રાપ્તિ કરે છે.
ગણેશ ચતુર્થીનો ઉત્સવ ખાસ કરી અને મહારાષ્ટ્રમાં ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં અષ્ટ વિનાયકના મંદિર આવેલા છે. મુંબઈમાં સિદ્ધિવિનાયકનું મંદિર ખૂબ જ પ્રસિદ્ધ છે. મહારાષ્ટ્રમાં ગણેશ ચતુર્થીના ઉત્સવ દરમિયાન ઘણી બધી ગણેશની પ્રતિમાઓનું પૂજન કરવામાં આવે છે. તેમાં પણ ખાસ કરી અને લાલબાગના ગણપતિ અને આખા મહારાષ્ટ્રમાં જુદે જુદે ઠેકાણે અનેક પંડાલોમાં આ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. ખૂબ જ સુશોભિત આયોજન હોય છે. લાખો લોકો દર્શન કરી અને ભગવાનના આશીર્વાદ મેળવે છે. લોકો પોતાના ઘરમાં પણ ગણેશની પ્રતિમાનું સ્થાપન કરી અને જુદા
આભાર - નિહારીકા રવિયા જુદા સમયે વિસર્જન કરે છે.
ભારત ભરમાં ગણેશ ચતુર્થીનો ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

રતીલાલ વાયડા (નવી મુંબઈ)

---

સુધા નરેશ દવે "શબ્દ સુધા " (મુંબઈ)
ગજાનન
કોઈ પણ શુભ કાર્ય માં સર્વ પ્રથમ ગણેશજી ની પૂજા થયા પછીજ કાર્ય નો આરંભ કરવામાં આવે છે આના કારણે કોઈ પણ કાર્ય માં વિઘ્ન નથી આવતું , ગણેશ એ માતા પાર્વતી અને શિવજી ના પુત્ર છે.
ગણેશજી ના જન્મ અંગે અનેક અલગ અલગ કથાઓ છે , એક દંત કથા અનુસાર ભગવાન શંકર તપ કરવા હિમાલય ગયા હતા અને પાર્વતીજી એકલું લાગતાં પાર્વતીજી એ પોતાના મેલ માંથી ગણેશજી ની ઉત્પત્તિ કરી હતી.
અને એક વખત પાર્વતીજી સ્નાન કરવા ગયા ત્યારે તેમણે બહાર ગણેશજી ને ધ્યાન રાખવા બેસાડ્યા હતા એવામાં મહાદેવ આવ્યા અને ગણેશજી એ તેમને અંદર પ્રવેશતા અટકાવ્યા આથી મહાદેવજી ને ગુસ્સો આવતા તેમનો શિરચ્છેદ કર્યો જયારે માતા પાર્વતીજી ને આ વાતની જાણ થઈ અને રડવા લાગ્યા અને તેમણે મહાદેવજી ને કહ્યું આ તમે શું કર્યું આતો આપણો પુત્ર છે તેને ગમે તેમ કરી ફરી સજીવ કરો.
મહાદેવજી એ જે કોઈ પ્રથમ મળે તેનું મસ્તક ચડાવા નીર્ધાર કર્યો અને તેમણે સૌ પ્રથમ હાથી નું મસ્તક મળ્યું અને મહાદેવે ગણેશ ને હાથી નું મસ્તક લગાવી સજીવન કર્યા આ માટે તેમને ગજાનન પણ કહેવાય છે . ગણેશ જી ના અનેક નામો છે તે આ પ્રમાણે છે સુમુખ, એકદંત, કપિલ ગજકર્ણક, લંબોદર ,વિકટ, વિઘ્ન -નાશ ,વિનાયક, ધૂમકેતુ ,ગણાધ્યક્ષ , ભાલચંદ્ર, ગજાનન .
ગણપતિ ને રિદ્ધિ સિદ્ધિ ના દાતા , વિઘ્નહર્તા સુખકર્તા કહેવાય છે .ગણેશજી ના ભાઈ કાર્તિકેય છે જે મુરુગન તરીકે પણ ઓળખાય છે.
પ્રજાપતિ વિશ્વકર્મા ની બે પુત્રીઓ રિદ્ધિ અને સિદ્ધિ જે ગણપતિ ની બે પત્નીઓ છે.શુભ અને લાભ એ ગણેશજી ના પુત્રો છે અને સંતોષ નામની પુત્રી છે.
ગણેશજી ગણો ના નાયક હોવાથી ગણપતિ પણ કહેવાય છે.ગણેશજી ને મોદક પ્રિય છે , દુર્વા અને જાસવંતિ ના ફૂલ થી ભગવાન ગણપતિની પૂજા કરવામાં આવે છે.
ગણેશજી પાસે તમામ દેવતાઓ ની શકતિ ઓ છે , તેમનું વાહન મૂષક છે. તેમનો વર્ણ લાલ અને લીલો છે . જ્યાં ગણેશ છે ત્યાં શક્તિ અને સમૃદ્ધિ નો વાસ છે . " મહાભારત " ના રચયિતા વેદ વ્યાસે " મહાભારત" ગણેશજી પાસે લખાવ્યું હતું આવા ગણેશ જી આપણા સર્વે ના મંગલકર્તા છે . જય ગજાનન !



સુધા નરેશ દવે "શબ્દ સુધા" (મુંબઈ)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વધતા સંત સરોવર બેરેજની પ્રત્યક્ષ મુલાકાત કરી સમીક્ષા કરતા જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયા

ઉપરવાસમાં વધુ વરસાદના પરિણામે સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વધતા ગાંધીનગર ખાતે આવેલા સંત સરોવર બેરેજની આજે સવારે જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ પ્રત્યક્ષ મુલાકાત કરીને અધિકારીઓ સાથે સમીક્ષા યોજી હતી. મંત્રી શ્રી કુંવરજીએ આ મુલાકાત દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સંબંધિત અધિકારીઓને નીચાણવાળા વિસ્તારમાં આવેલા શહેરો-ગામોનો સંપર્ક કરી તેમને સતર્ક કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.ઉલ્લેખનીય છે કે, ધરોઇ



બંધના ઉપરવાસમાં સાબરકાંઠા જિલ્લાના વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓ તેમજ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૦૦ થી ૩૦૦ મીમી સુધીનો વરસાદ થતાં ધરોઈ બંધમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના પગલે ધરોઈ બંધમાંથી તા.૨૩ ઓગસ્ટ-૨૦૨૫ થી ક્રમશઃ પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે ધરોઈ બંધના નીચાણવાસમાં આવેલા વલાસણા, હીરપુરા, લાકરોડા, સંત સરોવર અને વાસણા બેરેજ ખાતે પણ પાણીની નોંધપાત્ર આવક થઈ છે. હાલમાં ધરોઈ બંધની જળસપાટી ૬૧૭.૨૨ ફૂટ છે તથા ૮૨ ટકા જેટલો પાણી સંગ્રહ થયો છે. ધરોઈ બંધમાં પાણીની આવક ૪૨,૬૮૧ ક્યુસેક અને જાવક ૩૮,૯૭૬ ક્યુસેક છે.



વસઈમાં નાથાલાલ દાદા અને અંબાલાલ દાદાના ફાર્મ હાઉસમાં પાપડી - ચા -કોફીની લિજ્જત માણતા જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના પદયાત્રીઓ

# વિશ્વ શાંતિ કેન્દ્રમાં શ્રદ્ધાળુઓને આચાર્ય લોકેશજીએ કરાવ્યો ધ્યાનનો અભ્યાસ

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીના સાનિધ્યમાં વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે આયોજિત પર્યુષણ મહાપર્વ દરમિયાન શ્રદ્ધાળુઓએ ધ્યાનનો અભ્યાસ કર્યો. આચાર્ય લોકેશજીએ પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળાના પ્રસંગે "ધ્યાન યોગ" વિષય પર શ્રદ્ધાળુઓને સંબોધિત કરતા જણાવ્યું કે ભગવાન મહાવીરે સત્યની શોધ અને આત્મસાક્ષાત્કાર માટે નિયમિત રીતે ધ્યાનાભ્યાસ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે ધ્યાનથી આંતરિક શક્તિઓનું જાગરણ થાય છે, આત્મા ભિન્ન અને શરીર ભિન્ન આ ભેદ વિજ્ઞાનની અનુભૂતિ થાય છે, અને અહીંથી જ આધ્યાત્મિક યાત્રાનો પ્રારંભ થાય છે.આચાર્ય લોકેશજીએ ધ્યાનનું સૈધ્યાંતિક જ્ઞાન તથા પ્રાયોગિક અભ્યાસ કરાવતાં જણાવ્યું કે મનની શાંતિ અને તણાવમુક્તિ માટે ધ્યાનનો અભ્યાસ અત્યંત ઉપયોગી છે. ધ્યાનથી નકારાત્મક ભાવો નષ્ટ થાય છે અને સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે ધ્યાન દ્વારા અનેક પ્રકારની માનસિક-શારીરિક બીમારીઓનું પણ નિરાકરણ થાય છે. આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે ભગવાન મહાવીરની વાણી અનુસાર ધ્યાન આંતરિક તપસ્યા છે, જેનું મહત્વ ઉપવાસથી પણ વધુ છે. ભગવાન મહાવીરે દીક્ષા લીધા બાદ બાર વર્ષ સુધી ધ્યાન સાધનાના વિવિધ પ્રયોગો કર્યા અને એ જ દ્વારા તેમને માત્ર જ્ઞાન (કેવળ જ્ઞાન)ની પ્રાપ્તિ થઈ.

આ પ્રસંગે યોગ આચાર્ય કરણ, યોગ આચાર્ય મન્થન તથા વિરેન્દ્રકુમાર જૈનના ભક્તિ ભજનોએ શ્રદ્ધાળુઓને ઝૂમાવ્યા. કાર્યક્રમને સફળ બનાવવા માટે અહિંસા વિશ્વ ભારતીના પદાધિકારીઓ રમેશ તિવારી, ડૉ. આલોક ડ્રોલિયા, હિતેશ જૈન, મનોજ જૈન, સારિકા જૈન, શ્રીમતી કેનુ અગ્રવાલ, સુશ્રી તારકેશ્વરી મિશ્રા, વિનિત શર્મા, દયારામ તથા અન્ય સૌનો સંપૂર્ણ સહયોગ રહ્યો.

# અભિનંદન....અભિનંદન....અભિનંદન....




કમલપાર્ક સ્થિત અર્ચના વિદ્યા નિકેતનના વિદ્યાર્થીઓએ તાજેતરમાં આણંદમાં યોજાયેલી કરાટે ચેમ્પિયનશિપમાં ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના તેજસ્વી ખેલાડીઓ પોતાની મહેનત, કઠોર પરિશ્રમ અને અનુશાસનના બળ પર આદિત્ય (ધો.૭) ગોલ્ડ, સુગના (ધો.૧૨) ગોલ્ડ, યાશિકા (ધો.૭) ગોલ્ડ અને આરઝુ (ધો.૭)સિલ્વર મેડલ હાંસલ કર્યા. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ પર સમગ્ર સંસ્થા પરિવાર ગર્વ અનુભવે છે.શાળાના સંચાલકશ્રી તથા આચાર્યશ્રી દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા અને ભવિષ્યમાં પણ વધુ ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા આપી. સાથે જ કોચ શ્રી સંજયભાઈ મોરેના યોગદાનને પણ સર્વે દ્વારા બિરદાવવામાં આવ્યું. આ સિદ્ધિ માત્ર શાળા માટે જ નહી પરંતુ સમગ્ર શહેર માટે ગૌરવની વાત છે.

# 'આર્મી વુમન વેલફેર એસોસિયેશન' વાર્ષિક ઉત્સવની ઉજવણી અંતર્ગત મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ખાતે આવેલ આર્મી રેસિડેન્સ સેક્ટર-૯, આર્મી કેમ્પ, ગાંધીનગરમાં 'આર્મી વુમન વેલફેર એસોસિયેશન' વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમા ડો. નેહલ ગજેરા દ્વારા મહિલાઓની શારિરિક સમસ્યા જેવી કે મોનોપોઝ, બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર બાબતે રોગના કારણો વિષે સમજ આપી તેના સામે રક્ષમ મેળવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતોની સમજ આપવામાં આવી હતી.આ કાર્યક્રમ અંતર્ગત વધુમાં મહિલાઓને બંધારણ અનુલક્ષી શ્રી સુધિરભાઇ દેસાઈ દ્વારા રક્ષણ અને સલામતી માટે બનેલ કાયદા જેવા કે ઘરેલુ હિંસા અને કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામની ની વિગતે સમજ આપવામાં આવી હતી.ઉપરાંચ અશ્વિન જાસકિયા દ્વાર મહિલા બાળની વિવિધ યોજનાની માહિતિ પણ આપવામાં આવી હતી.




# યુરોપની ટુરના બહાને ચાર વ્યક્તિ સાથે ૨૪ લાખની છેતરિંપડી

માણસા : માણસા શહેરમાં હેર કટિંગ સલૂન ચલાવતા વ્યક્તિએ તેમના પરિવાર અને ત્રણ મિત્રો સાથે યુરોપ ટુર પર જવાનું આયોજન કર્યું હતું અને તે વખતે આ સલૂન માલિકના પીતરાઈ ભાઈ મુંબઈ રહેતા હોય તેમના સંપર્કમાં આવ્યા હતા અને તેમણે મુંબઈના જ અન્ય બે વ્યક્તિઓ સાથે પરિચય કરાવી ટુકડે ટુકડે ૨૩,૮૦,૨૪૦ રૂપિયા લીધા બાદ આ લોકોને ફક્ત દુબઈની ટુર કરાવી હતી જે બાદ અવારનવાર ઉઘરાણી કરતાં મુંબઈના ત્રણેય શખ્સોએ ખોટા વાયદા કરી બહાના બનાવતા આખરે ત્રણ વર્ષ બાદ છેતરપિંડીનો ભોગ બનેલ લોકોએ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.




માણસા તાલુકાના ચરાડા ગામના મૂળ રહેવાસી અને માણસા શહેરમાં ડોક્ટર પરમારની હોસ્પિટલ સામે આવેલ નારાયણ પ્લાઝામાં કૃપા હેર સલૂન નામની શોપ ધરાવતા મયુરભાઈ મહેન્દ્રભાઈ લીંબાચીયા અને તેમના પત્ની તથા તેમના મિત્રો નવનીતભાઈ બાબુભાઈ નાયી,આકાશભાઈ ગોવિંદભાઈ, ભુપતસિંહ અખેરાજસિંહ ને ટુર કરવી હતી જેથી તેઓ તેનું આયોજન કરી રહ્યા હતા અને તે જ સમયે મયુરભાઈ ના મોટા બાપાના દીકરા કે જેઓ મુંબઈ ખાતે રહે છે તે રોહિતભાઈ રમેશભાઈ લીમ્બાચીયા સાથે ચર્ચા થઈ હતી જેમાં રોહિતભાઈએ તેમને ભરોસો આપ્યો હતો કે તેમના મિત્રો વિદેશ પ્રવાસ નું આયોજન કરે છે અને તે લોકો તમને ટુર કરાવી આપશે તેવું જણાવી થોડા દિવસ બાદ મુંબઈથી તેમણે વીડિયો કોલિંગ મારફતે શ્યયામસુંદર અવિનાશ પરબ અને જૈનમ શાહ નામના વ્યક્તિઓ સાથે મુલાકાત કરાવી હતી જેમાં શ્યામસુંદરે પોતે યુએસએ કોન્સ્યુલેટમાં હોવાનો દાવો કર્યો હતો અને તેમની હાથ નીચે જૈનમ શાહ કામ કરે છે તેવું જણાવી વિશ્વાસમાં લઈ આ ત્રણે ઈસમોએ મયુરભાઈ તથા તેમના ત્રણ મિત્રો પાસેથી ટુકડે ટુકડે ૨૩,૮૦,૨૪૦ રૂપિયા લીધા હતા અને રૂપિયા આપ્યા બાદ પણ આયોજન ન થતા તેમને ફોન કરતા આ લોકોએ જણાવ્યું હતું કે હાલ યુરોપ કન્ટ્રીના વિઝા વેઈટિંગમાં છે એટલે જો તમારે દુબઈની ટ્રીક કરવી હોય તો અમે મોકલી આપીશું તેવું જણાવી મયુરભાઈ અને મિત્રોને દુબઈની ટ્રીપ કરાવી હતી

# લ્યુકેમિયા - ૦૭ લકવો કે લ્યુકેમિયા?




આ બધા પ્રશ્નો વચ્ચે મારું મગજ તો જાણે ચમકારા લઈ રહ્યું હોય એવું લાગી રહ્યું હતું. મને ખોવાયેલો જોઈને સિતારાએ થોડો હલાવ્યો અને બોલી,

"આમ વારંવાર ક્યાં ખોવાઈ જાવ છો?"

"કશેજ નહિ."

હું હવે ખોટું બોલવા લાગ્યો હતો, એવો મને અહેસાસ થયો પણ શું કરું! કેવી રીતે કહું કે એના લાડલાને બ્લડ કેન્સર છે. જેની ટ્રીટમેન્ટ માટે આ રિપોર્ટ કરાવવા ખૂબ જ જરૂરી છે. એ ખરેખર ખૂબ માસુમ હતી અને આટલો મોટો આઘાત સહી શકે એમ પણ નહોતી એટલે હું એને કશું કહી પણ શકતો નહોતો.

"જે કરાવવું હોય એ જલદી કરાવી દો. મારા અમારનો જમવાનો સમય થયો છે. એ ક્યારનોય ભૂખ્યો છે."

સિતારા આટલું બોલી કે હું ખુદને રોકી ન શક્યો. એને આલિંગનમાં ભરીને નોધારો થઈને રડવા લાગ્યો. હું એટલું ભયંકર રડી રહ્યો હતો કે મને જોઈને સિતારા અને અમાર પણ એ જ રીતે રડી રહ્યા હતા. અમારા રડવાનો અવાજ સાંભળીને આસપાસથી ઘણાં લોકો દોડી આવ્યાં અને અમારું રુદન જોઈને દરેક દર્દમાં ધકેલાઈ ગયાં. કેટલાંક તો પાસે આવીને અમને શાંત પાડવાની કોશિશ કરવા લાગ્યાં હતાં. એમાંથી એક દાદી બોલ્યાં,

"એવું તો શું થયું છે દીકરા! કે આટલું દર્દનાક રડી રહ્યા છો?"

"બા..." આટલું કહેતાં તો હું એમને આલિંગનમાં ભરીને રડવા લાગ્યો. એ દાદી મારી માટે અપરિચિત હતાં પણ મને એક માની જેમ વહાલ કરી રહ્યાં હતાં. મારા માથે ખૂબજ વ્હાલથી હાથ ફેરવતાં બોલ્યાં,

"દીકરા, તને શું થયું છે એ તો મને ખબર નથી. તારા દર્દનું શું કારણ છે એ પણ મને ખબર નથી. તું કેમ આટલું રડી રહ્યો છે એ પણ હું જાણતી નથી. મને તારી મા સમજીને તારું દુઃખ જણાવી શકે છે."

જાણે મારી મા મને પૂછી રહી હોય એવો અહેસાસ સજીવન થયો અને હું બોલી પડ્યો,

"બા, જે મારી આંખોનો તારો છે, જેની ઉપર આવતી દરેક મુસીબતને હું વહોરી જવા માગું છું. એ આજે એટલી મોટી મુસીબતમાં છે કે તેને હું બચાવી શકું એમ પણ નથી. એને બચાવવાના ઘણા રસ્તા છે પણ મારો રૂપિયાનો રસ્તો બંધ છે. હું એટલો સક્ષમ નથી કે મારા દીકરાની સારવાર પણ કરાવી શકું. બા, મારો દીકરો મોતના દ્વારે ઊભો છે. તેને ત્યાંથી બચાવીને પાછો લાવી શકું એટલો હું અમીર નથી બા..."

હું ખૂબ રડી રહ્યો હતો. હું જે પેલા માજીને કહી રહ્યો હતો એ સિતારા તેના કાન ખોલીને સાંભળી રહી હતી. હવે તેને અંદાજ આવી ગયો હતો કે ખરેખર અમારા કોઈક મોટી મુસીબતમાં હતો. તે તેનાં આંસુ રોકી નહોતી શકતી અને મને પૂછવા લાગી,

"અમારના પપ્પા, એવું તો આપણાં અમારને શું થયું છે?"

તેના તૂટક તૂટક અવાજમાં ઘણું દર્દ છુપાયેલું હતું. તેનું દર્દ હું મહેસુસ કરી શકતો હતો. એના પ્રશ્નના જવાબમાં શું કહેવું! એ મને સમજાઈ રહ્યું નહોતું. પેલાં માજી હજુ પણ એક દીકરાની જેમ મને વહાલ કરી રહ્યાં હતાં.

હવે હિંમત કરવાનો સમય આવી ગયો હતો એટલે હું સિતારા તરફ ફર્યો અને તેના બે હાથ હાથમાં પકડતાં બોલ્યો,

"સિતારા, હું જે કહેવા જઈ રહ્યો છું એ ખૂબ જ શાંતિથી સાંભળજે. તારા હૃદય ઉપર પથ્થર મૂકી દેજે, કેમકે મારી વાતનો બોજ તારું હૃદય ખમી નહીં શકે."

આ સાંભળીને તે બોલી પડી, "હું પહેલાં જ સમજી ગઈ છું કે વાત ખૂબ જ ગંભીર છે પણ વાત શું છે?"

હવે સિતારાને સચ્ચાઈ જણાવવાનો સમય આવી ગયો હતો. હવે મારે હિંમત કરવાની જ હતી એ મને સમજાઈ ગયું હતું. મેં મનમાં વિચારી લીધું કે આજ નહિ તો કાલ પણ સિતારાને સચ્ચાઈ ખબર પડવાની જ છે! એટલે બધી હિંમત આજે જ જોડી લીધી. એક હાથની મુઠ્ઠી વાળી અને બીજા હાથે પેલા માજીનો હાથ પકડ્યો અને હિંમત જોડીને બોલ્યો,

"સિતારા, આપણા લાડકવાયાને લ્યુકેમિયા છે."

સિતારા હજુ સુધી પણ લ્યુકેમિયાને લકવો સમજી રહી હતી એટલે તે મારા ઉપર હસવા લાગી અને તેણે ફરી એકવાર અમારના શરીરને ચેક કરી લીધું. ત્યાં ઉભેલ જેને લ્યુકેમિયા વિશે ખબર હતી એ તો સ્તબ્ધ બની ગયાં અને ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યાં. સિતારા બોલી પડી,

"મારા દીકરાને કોઈ લકવો નથી, તમે પણ ડૉકટર પાસે બેસીને તેમની વાતોમાં આવી ગયા છો."

તેની માસુમિયત મારી આંખોમાં ફરી ચોધાર આંસુ લઈ આવી 'ને હું બે હાથ તેના ખભા ઉપર મૂકતાં ખૂબજ દુઃખ સાથે બોલ્યો,

"તું જેને લકવો સમજી રહી છે, એ લકવો નથી. આપણા અમારને લ્યુકેમિયા છે એટલે કે બ્લડ કેન્સર છે..."

સિતારાને ઝટકો વાગ્યો પણ તેણે મારી વાતને સિરિયસ ન લીધી અને પૂછ્યું,

"શું કહ્યું?"

"તું જેને લકવો સમજી રહી છે, એ લકવો નથી. આપણા અમારને લ્યુકેમિયા છે એટલે કે બ્લડ કેન્સર છે....." મેં ફરીવાર હિંમત કરીને કહ્યું

ક્રમશ....

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NG: NOG SS NO 167
વિષય:-"ટેન્શન"
શિર્ષક:- "માણસ છીએ"
પ્રકાર :-પદ્ય....શબ્દો:-૯૦"

માણસ છીએ, પણ માણસ થઈને ક્યાં રહીએ છીએ,
આંધી, વા, વંટોળ આવે અહીંતહીં, તો ઉડતા રહીએ.
મોજાની જિંદગી કિનારા સુધી, પછી એ પ્રસરી જાય,
વાતની ખબર છે માણસને, જો સાનમાં સમજી જાય.
ચારેકોર પાથરી બેઠો માણસ, પ્રકૃતિને જ અવગણી,
ભૂલો પડી પૂછી રહ્યો ઈશને, કારણ દુઃખથી કરગરી.
ધરા પર માણસ,માણસ અથડાય છે, મિથ્યાભિમાને,
ચારેકોર તકતી જોઈ, શોધી રહ્યો છે નામ અભિમાને.
ક્યાં સુધી ચાલશે આ રમત, માણસ માણસ રમવાની,
ખૂટી રહી છે સહન શક્તિ, ક્યાંક વાત થશે અટકવાની.

નરેન્દ્ર ત્રિવેદી.

### NG: NOG SS NO 166
વિષય:-"ટેન્શન"
શિર્ષક :-" ટેન્શનનું દફન"
પ્રકાર:-પદ્ય. શબ્દો:-૮૩

ટેન્શન રાખીને હું ભટકી ગયો છું,
માર્ગ મને મનમાં કાંઈ સુઝતો નથી,
ટેન્શન રાખીને હું નિરાશ થયો છું,
જીંદગીનો ખેલ જીતી શકાતો નથી.

સમાજથી અપમાનિત બન્યો છું,
ટેન્શન હવે સહન થઈ શકતું નથી,
ટેન્શન રાખીને બરબાદ થયો છું,
ચહેરો બતાવવા લાયક રહ્યો નથી.

જુલમ અને સિતમ સહી રહ્યો છું,
હવે વધુ ટેન્શન રાખી શકતો નથી,
ટેન્શનના વળગણથી કેદ ગયો છું,
તે મારા સ્વભાવમાંથી હટતું નથી.

ટેન્શનને દફનાવવા હું નિકળ્યો છું,
કબ્રસ્તાનમાં જગ્યા મળતી નથી,
કબરમાંથી અવાજ આવ્યો "મુરલી",
અમે પણ ટેન્શનમાંથી મુક્ત નથી.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

### NG: NOGSS NO : 161
વિષય : ટેન્શન
શિર્ષક : ચિંતામાં રહેવાનું?
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૧૪૯

આમ જુઓ તો શું હતું, શું રહ્યું ને શું રહેવાનું!
જે છે એ પણ નથી રહેવાનું કે નથી ટકવાનું.
ક્ષણભંગુર આ દેહને મળ્યું આવરણ એક શ્વાસનું
કામ ના આવે એ પણ અંતે, હેમનું હેમ રહેવાનું.
આ તો સમય છે કે જેનું કામ છે વહેવાનું!
પછી શાને કાજે ટેન્શન કે ચિંતામાં રહેવાનું?

તારું મારું કર્યું સઘળું, આપણું પણ કોને કહેવાનું?
ચિતારાએ ચીતર્યું એ તો માટીમાં જ ભળવાનુ.
મૌનના એ પડઘાં એ તો ખૂણેખાંચરે શોધું,
શાંત ચિત્તે મળે કદી તો દિલનાં ત્રાજવે તોલું.
આ તો સમય છે જેનું કામ છે વહેવાનું!
પછી શાને કાજે ટેન્શન કે ચિંતામાં રહેવાનું?

ભવરણ માં ભટકીને સહુએ એમાં જ આળોટવાનું,
ભેખ ધરીને આયખું આમ સહજ જ જીવી જવાનું.
શું વાવીને શું લણ્યુ એ આસપાસ જોઈ વણવાનું,
લણી લણીને આપ્યું શું જગને એ જ તો વિચારવાનું.
આ તો સમય છે જેનું કામ છે વહેવાનું!
પછી શાને કાજે ટેન્શન કે ચિંતામાં રહેવાનું?
◦ ગ્રીષ્મા પંડ્યા ◦

### NG: NOG SS NO 173.
વિષય - "ટેન્શન "
પ્રકાર - ગદ્ય.
શબ્દ સંખ્યા -૧૩૬.
શીર્ષક -
"ટેન્શન મુકત થવાની આસાન રીતો"
૧. ધ્યાન (મેડિટેશન) અને યોગ, પ્રાણાયામ.
રોજ સવારે ૧૦-૧૫ મિનિટ નું ધ્યાન .
પ્રાણાયામ (શ્વાસની કસરત) ચિત્તને શાંત કરે છે.
યોગ આસનો તણાવ ઘટાડવામાં સહાયક છે.
૨. સ્વસ્થ જીવનશૈલી
સંતુલિત આહાર – તાજાં શાકભાજી, ફળો, પૂરતાં પ્રમાણમાં પાણી
,
પૂરતી ઊંઘ – રોજની ઓછામાં ઓછી ૭-૮ કલાક .
નિયમિત ચાલવું, દોડવું અથવા તરવું.
૩. ડિજિટલ ડિટોક્સ-
સોશિયલ મીડિયા અને મોબાઈલથી થતો તણાવ ઘટાડવા માટે નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરી દિવસમાં થોડો સમય ફક્ત "સ્વ" માટે રાખવો.
૪. દૃષ્ટિકોણ બદલવો-
નકારાત્મક વિચારોને પોઝિટિવમાં ફેરવવા.
દરેક સમસ્યાને એક તક તરીકે જોવાનો પ્રયાસ કરવો.
સ્વીકારીએ કે બધું આપણાં નિયંત્રણમાં નથી.
૫. વાત કરીએ -
આપણાં મિત્રો, પરિવારજનો કે વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે લાગણીઓ વહેંચીએ.
૬. સંગીત અને હોબી-
મનોરંજક સંગીત સાંભળીએ.
વાચન, ચિત્રકામ, ગાર્ડનિંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાઈએ.
૭. સંગીત, સાહિત્ય,કલા દ્વારા ટેન્શન ને ચોક્કસપણે રિલેક્સ કરી શકાય.

-ડૉ .દક્ષા જોશી 'નિર્ઝરા'.
અમદાવાદ,ગુજરાત.

### NG: NOGSS NO :158
વિષય:ટેન્શન
શીર્ષક:છોડો ટેન્શન
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૪
મન છે સંવેદનશીલ મન પર કાબુ મેળવો,
ખડખડાટ હસી લો છોડો ટેન્શન!

ચેહરા પર સ્મિત આવી જાય,
ચિંતાઓને દૂર કરો છોડો ટેન્શન!

જીવન છે સુખ દુઃખ તો આવ્યા કરે,
જીવન જીવવાનું ના છોડો છોડો ટેન્શન!

જીવનમાં વિપત આવે ન થવું નાસીપાસ,
મુશ્કેલીમાંથી માર્ગ કાઢો છોડો ટેન્શન!

સમય છે પાણીદાર સતત વહ્યાં કરે,
જીવનમાં મોજ કરી લો છોડો ટેન્શન!

નથી મારું તારું તારું મારું ક્યાં લઈ જવાનું,
મૂકી બધું અહીં સૌએ જવાનું છોડો ટેન્શન!

'પ્રેમ' હું છું ને તારી સાથે તેવું કોઈ કહે,
જિંદગી જીવવા જેવી લાગે છોડો ટેન્શન!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' આદરીયાણા (સુરેન્દ્રનગર)

### NG: NOG SS NO-162
વિષય- ટેન્શન
શીર્ષક- ટેન્શન મુક્ત જીવન
પ્રકાર- પધ . શબ્દો- ૭૫

જીવન છે તો નાના મોટા ટેન્શન તો રહેવા ના જ તેનો આખો આધાર પોતાના સ્વભાવ પર નિર્ભર રહે છે
હું અને તમે દરેક વ્યક્તિ એ દરરોજ રાત્રે સૂતા પહેલાં આંખો બંધ કરી આત્મ નિરીક્ષણ કરી જાણવું રહ્યું
શેનાથી ટેન્શન આવ્યું તે કરવુ જરુરી છે ન લેવાના ટેન્શન લઈને માણસ ઉપાધી નોતરે છે
ટેન્શન મુક્ત થવા હમેશા ચહેરા ને ખુશ ખુશાલ અને ખીલેલો રાખવા પ્રયત્ન કરવો પડે
જીવન મા સુખ દુઃખ તો અભિન્ન અંગ રહ્યા સુખ પછી દુઃખ સાંજ પછી જ સવાર થવાની અને તડકા પછી છાંયો બસ આ સમજાય તો ઘણું ટેન્શન હળવું બને
સ્વયમ ને જ સમજવું રહ્યું ધારે તો હસતા મોઢે ટેન્શન દુર થાય માણસે પોતાની જાતને અંદર ઉતારી ધ્યાન યોગ ની સાધના દ્વારા જાતને જાણવી પડે છે પોતાના સ્વભાવ ને જાણવો પડે અંદર રહેલો અહંકાર છુટે તો સારું શું ખરાબ શું નો ખ્યાલ આવે સારું ટેન્શન પોતાના પર નિર્ભર કરે છે ટેન્શન બાટવાથી હળવા ફુલ થવાયપ

- રેખા રસિક નાકરાણી મુંબઈ

### NG: NOG SS NO : 401
વિષય : ટેન્શન
શીર્ષક: ચિંતા ની ચર્ચા
પ્રકાર : ગદ્ય
શબ્દ : ૩૨૪
સાંજ પડે સોસાયટી ના બધા બહેનો બેઠા હતા .
રમીલા : આજ કેમ તુલસીબેન હજુ સુધી આવ્યા નથી ?
કોકિલા : લ્યો નામ લીધું ને હાજર.જો એ આવે.
સુવર્ણા : આવો તુલસીબેન આજ કેમ મોડા પડ્યા ને કંઈક ચિંતામાં હોય એવું કેમ લાગે છે ?
તુલસી : હા જુઓને . ન્યૂઝ જોતી હતી એમાં મોડુ થયું. સ્કૂલ માં એક છોકરાએ બીજા છોકરા ને છરી મારી . હવે તો બાળકો ને સ્કૂલે મોકલવામાં ચિંતા .જ્યાં સુધી બાળક ઘરે ના આવે ત્યાં સુધી જીવ અદ્ધર રહે છે .
ગીતા : હા સાચું , ને ૨ દીવસ પેલા ગરીબ પરિવાર રોડ પર સૂતો હતો તેમાં ૮ વર્ષ ની દીકરી જોડે એક યુવાને બળાત્કાર કર્યો ને સારવાર માં દીકરી નું મૃત્યુ થયું .
પ્રફુલા : કાલ તો એક પરણિતા ને એના સાસરિયા એ કરિયાવર માટે જીવતી સળગાવી દીધી . દિવાળી પછી મારી કૃતિકા ના લગ્ન છે ને સોના ના ભાવ તો આકાશ થી ઊંચા ગયા છે .મને તો રાતદિવસ ચિંતા થાય છે.
વાતાવરણ ચિંતિત થતું જોઈ મીનાક્ષીબેન બોલ્યા, બવ ચિંતા ના કરો. ચિંતા થી બીપી, રદય, ની બીમારીઓ થાય છે.
મીરા : લ્યો હવે તો ચિંતા કરવામાંય ચિંતા ?
પ્રફુલા: સુવર્ણાબેન તમારે કેવી શાંતિ નઈ , કાંઈ ચિંતા જ નઈ . બધી રીતે સુખી .
સુવર્ણા : ના બેન એ તો ખાલી લાગે . ચિંતા તો મનેય છે હમણાં ૨ વર્ષ થી ધંધો સારો થાય છે અને ચોરી કેટલી વધતી જાય છે .
મીરા : લ્યો હવે પૈસા હોય તોય ચિંતા ને ન હોય તોય ચિંતા . ભગવાને બધા ના નસીબ જુદા લખ્યા છે પણ
આભાર - નિહારીકા રવિયા બધાંય ને ચિંતા તો આપી જ છે. જન્મ થી મૃત્યુ સુધી ચિંતા સાથ આપે.
ગીતા : સાવ સાચું હો! હાલો હું જાવ મારે રસોઈ નું મોડું થશે. પતિ ને ભાવે એ બાળકો ને ના ભાવે, બાળકો ને ભાવે એ સાસુસાસરા ને ના ભાવે. મારે તો રોજ શું બનાવું એ જ ચિંતા .
કોકિલા : આ ચિંતા તો બધાંય ની સરખી જ છે હાલો .
એમ કહીને આજ ની ચિંતા ની ચર્ચા ને પુર્ણવિરામ આપી સૌ પોતપોતાના ઘરે ગયા .

" દેવપ્રિયા"
દેવ્યાનીબા પી. ગોહિલ
વરતેજ

### NG: SSNO:153
વિષય:"ટેન્શન"
શીર્ષક:"મૂક બધિર પુરુષ નાં અંતર નો અંતરનાદ"
પ્રકાર:પધ્ય
શબ્દો:૧૩૬
હું ખુશ રહું તે પણ તેને ગમતું નથી,
હું ટેન્શન માં રહું તે પણ તેને ગમતું નથી,
હું મૌન રહું તો કહે છે કે જે કહેવું હોય તે ભસી મરો ને,
હું કઈક કહેવાં જઉં તો કહે હવે તમે ચૂપ મરો તો સારું,
ગાડી આમ ચલાવોને,આગળ બમ્પ આવે છે,સામે લાલ સિગ્નલ દેખાય છે બાજુ માં બેસી ને કહે,મેં કીધું તું જ ગાડી ચલાવ ને, તો કહે છતાં ડ્રાઈવરે શું કરવાં ગાડી નું લઈએ લાયસન્સ ? નવાં કપડા પહેરી ને બહાર જવાં નીકળું તો કહેશે કે કઈ સગલી ને મળવાં જાઓ છો, અને સાદા કપડાં પહેરી ને બહાર નીકળું તો કહેશે કે આવાં રોંચા ની જેમ બહાર ના ફરો.તમારી નહીં પણ અમારી તો બજાર માં ઈજ્જત છે.
જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

### NG: NOG SS NO:- 364
વિષય:- ટેન્શન
શીર્ષક:-"ભારતીયો જાગો"
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૧૧૧
કેવાં વાયાં છે પશ્ચિમનાં વાવાઝોડાં ?
કે ભારતીય સંસ્કૃતિનું હનન થાય છે.
ભારતીયો જાગો,જાગો ગાઢનિંદ્રામાંથી,
કે સનાતન સંસ્કૃતિનું ખંડન થાય છે.

ઘરમાંથી કૈકેયી કાઢો તો જરૂરથી સીતા આવે,
જીવનમાંથી ગર્વ કાઢો તો અવશ્ય ગીતા આવે.
ભણતરમાં ગીતાનું અધ્યયન નહીં હોય તો,
લખી લો, ભારતનાં ભાવિનું નિકંદન થાય છે.

ગીતાનાં પાને પાને, શ્લોકે શ્લોકે જીવનનું તત્ત્વજ્ઞાન છે,
ગીતામાતાનાં પયનું પાન કરનારા અર્જુનોનું અભિમાન છે.
જીવનમાં ટેન્શન- વધ્યું કેમ કે ગીતા મૂકાઈ કબાટમાં,
તેથી જ તો આ વગર વિચાર્યું ક્રંદન થાય છે.

વિશ્વે સ્વીકાર્યું છે,ગીતા- તો મહાન વિશ્વગ્રંથ છે,
સામીપ્યદોષને લીધે ગીતા- ભૂલીને સૌ બન્યા મૂર્ખ છે.
"પંકજની"- વિનંતી છે શાણા સમજદારોને,
એવું ઘર બનાવો જ્યાં ગીતાનું આચમન થાય છે.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હાંસલપુર સ્થિત મારૂતિ સુઝુકી કંપનીની પહેલી ઇલેક્ટ્રીક કાર નુ લોન્ચિંગ અને બેટરી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાત પ્રવાસનો બીજો દિવસ છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હાંસલપુર સ્થિત મારૂતિ સુઝુકી કંપનીની પહેલી ઈલેક્ટ્રીક કારનુ લોન્ચિંગ અને બેટરી પ્લાન્ટનુ ઉદ્ઘાટન કર્યુ છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાનશ્રીએ સુઝુકી પ્લાન્ટ ખાતે ટોચના અધિકારીશ્રીઓ સાથે મુલાકાત કરી હતી. આ કાર્યક્રમમાં જાપાનના ઈન્ડિયાના રાજદૂત એચઇ ઓનો કેઇચીએ સંબોધન કર્યુ હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ભારતની મેક ઇન ઈન્ડિયાની સફરમાં એક નવો અધ્યાય જોડાશે. મેક ઈન ઈન્ડિયા મેક ફોર ધ વર્લ્ડ ના લક્ષ્ય તરફ મોટુ પગલુ છે. આજથી ભારતમા બનેલા ઈલેક્ટ્રીક વ્હિકલ ૧૦૦ દેશોમા એક્સપોર્ટ કરવામાં આવશે.આજે હાઇબ્રિટ બેટરીનુ ઉત્પાદન શરૂ થશે. આજનો દિવસ ભારત અને જાપાન ની મીત્રતાને પણ નવા સ્તરે લઇ જશે. દેશવાસીઓને, જાપાનને તેમજ સુઝુકી કંપનીને અભિનંદન પાઠવું છું.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આજે મારૂતી ટીનએજમા પ્રવેશ કરી રહ્યુ છે એક પ્રકારે ટીનએજ સપનાઓને પાંખ આપવાનો કાળખંડ હોય છે. ગુજરાત અને મારૂતીનો ટીન એજમા પ્રવેશ એટલે આવનાર દિવસોમા મારૂતિને નવી પાંખો ફેલાવશે. નવી ઉમંગ અને ઉત્સાહ સાથે આગળ વધશે તેવો વિશ્વાસ છે. ભારતની સક્સેસ સ્ટોરીના બીજ અંદાજે ૧૩ વર્ષ પહેલા રોપવામાં આવ્યા હતા. ૨૦૧૨માં ગુજરાતનો મુખ્યમંત્રી હતો ત્યારે મે મારૂતી સુઝુકીને હાંસલપુરમા જમીન ફાળવી હતી.તે સમયે પણ આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાનુ વિઝન હતું.તે સમયના પ્રયાસ દેશના સંકલ્પને પુર્ણ કરવામાં મોટી ભૂમિકા નિભાવી રહ્યુ છે. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ભારત પાસે ડેમોક્રેસીની શક્તિ છે અને ભારત પાસે ડેમોગ્રાફીનો એડવાન્ટેજ છે. આપણી પાસે સ્કીલ વર્કરનો મોટો વર્ગ છે તેના કારણે આપણા દરેક પાર્ટનર માટે વિન –વિન સ્થિતિનુ નિર્માણ કરી શકીએ છીએ. સુઝુકી જાપાન ભારતમાં ઉત્પાદન કરી રહ્યુ છે અને ગાડી પાછી જાપનને એક્સપોર્ટ કરવામાં આવશે. આ જાપાન અને ભારતના સબંધની મજબૂતી છે અને ભારતને લઇ ગ્લોબલ કંપનીના ભરોસાને પણ રજૂ કરે છે. મારૂતી સુઝુકી જેવી કંપનીઓ મેક ઇન ઈન્ડિયા ના બ્રાન્ડ એમ્બેસેડર બની ગઇ છે. સતત ૪ વર્ષથી મારૂતી ભારતની સૌથી મોટી કાર એક્સપોર્ટર છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, દુનિયાના દેશોમાં મારૂતીની જે કાર ચાલશે તેમા મેડ ઇન ઈન્ડિયા લખેલુ હશે. ઈવી ઈકો સિસ્ટમનુ ક્રિટીકલ પાર્ટ બેટરી છે. પહેલા ભારતમા બેટરી ઈમ્પોર્ટ કરવામાં આવતી હતી. ઈવી મેન્યુફેચરિંગ માટે મહત્વનુ હતુ કે ભારત બેટરીનુ ઉત્પાદન કરે તે જ વિઝન સાથે ૨૦૧૭મા ટીડિએસજી બેટરી નિર્માણનો પાયો નાખ્યો હતો.જેમા ત્રણ કંપની મળીને બેટરીનુ ભારતમાં મેન્યુફેક્ચરિંગ કર્યુ. થોડા વર્ષ પહેલા ઈવીને માત્ર એક નવા વિકલ્પ તરીકે જોવામાં આવતુ. પરંતુ મારુ માનવુ છે કે ઈવી અનેક સમસ્યા નુ નક્કર સમાધાન છે. મારા સિંગાપુર પ્રવાસમાં કહ્યુ હતું કે, જૂની ગાડીઓ અને એમ્બ્યુલન્સને હાઈબ્રિડ ઈવીમા બદલી શકીએ છીએ. મારુતી સુઝુકીએ આ પડકારને સ્વીકાર કર્યો અને માત્ર ૬ મહિનામાં એક વર્કિંગ પ્રોટોટાઇપ તૈયાર કરી દિધુ.મે તે હમણા હાઈબ્રિડ એમ્બ્યુલન્સનો વર્કિંગ પ્રોટોટાઇપ જોયો છે. અંદાજે ૧૧ હજાર કરોડની યોજનામાં ઇ-એમ્બ્યુલન્સ માટે પણ બજેટ નિર્ધારિત કર્યુ છે. હાઈબ્રિડ ઈવીથી પ્રદુષણ ઘટશે અને જૂના વાહનોને ટ્રાન્સફોર્મ કરી શકાશે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ક્લિન એનર્જી અને ક્લિન મોબિલિટી આપણુ ભવિષ્ય છે. ભારત ઝડપથી ક્લિન એનર્જી અને ક્લિન મોબિલિટીનું વિશ્વાસપાત્ર સેન્ટર બનશે. મોબાઈલ ફોન પ્રોડકશન ૨૦૧૪ની તુલનામાં ૨૭૦૦ ટકા વધ્યુ છે. ડિફેન્સ પ્રોડકશનમાં પાછલા દાયકામાં ૨૦૦ ટકા કરતા વધુ વધારો થયો છે. આજે આ સફળતા ભારતના દરેક રાજયોને પ્રેરણા આપી રહી છે. રાજય પોતાની પોલીસીને નીટ એન્ડ ક્લીન રાખે તેનાથી રોકાણકારોનો વિશ્વાસ વધે છે. રોકાણકારો વિશ્વાસ સાથે આવશે. રાજ્યોમા એવી સ્પર્ધા થવી જોઇએ કે ભારતમાં આવનાર કંપની વિચારવા માટે મજબૂર થવુ પડે કે કયા રાજયમા જવું. આવી સ્પર્ધાથી દેશને લાભ થશે. ૨૦૪૭મા વિકસીત ભારતના લક્ષ્યમા દરેક રાજ્ય પોત પોતાની ભાગીદારી નિભાવે.જે સેક્ટરમા ભારતે સારુ પ્રદર્શન કર્યુ છે તેને વધુ સારુ કરવાનું છે ,આના માટે અમે મિશન મેન્યુફેક્ચરિંગ પર ભાર આપી રહ્યા છીએ. આવનાર સમયમાં અમારુ લક્ષ્ય ફ્યુચેરેસ્ટિક ઈન્ડસ્ટ્રી પર હશે. સેમિકન્ડકટર ક્ષેત્રમા ભારત ઝડપથી આગળ વધી રહ્યુ છે.દેશમા ૬ પ્લાન્ટ તૈયાર થવાના છે.

શ્રી મોદી સાહેબે ભારત-જાપાનના સબંધ વિશે કહ્યુ કે, ભારત અને જાપાનનો સબંધ ડિલ્પોમેટીક સબંધથી ઘણો આગળ, સાંસ્કૃતિ અને વિશ્વાસનો સબંધ છે. જાપાન અને ભારત એક બીજાની પ્રગતીમા પોતાની પ્રગતી ઈચ્છે છે. મારૂતી સુઝુકી સાથે અમે જે સફર શરૂ કરી હતી તે હવે બુલેટ ટ્રેનની સ્પીડ સુધી પહોંચી છે. ભારત-જાપાનની પાર્ટનર્શીપની ઉદ્યોગીક શક્યતાને સાકાર કરવાની પહેલ ગુજરાત થી જ થઇ છે. આજે આપણી શાળા,કોલેજોમા મોટી સંખ્યામાં જાપાનની ભાષા શિખવાળવામાં આવે છે.ભારત જાપાન વચ્ચે પીપલ ટુ પીપલ

આભાર - નિહારીકા રવિયા કનેકટીવીટી વધી રહી છે. સ્કીલ અને રિસોર્સ સાથે જોડાયેલી જરૂરિયાતને આપણે પુરી કરી શકીએ છીએ.મને વિશ્વાસ છે આજનો પ્રયાસ ૨૦૪૭ના વિકસીત ભારતના પાયાને નવી ઉંચાઇ આપશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આજનો આ કાર્યક્રમ એક એવો અવસર છે કે જે ગુજરાતની ઈન્ડસ્ટ્રી સેકટરમાં એક નવો અધ્યાય શરૂ કરવા જઇ રહ્યો છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વિકાસ અને પ્રગતિનો માર્ગ અપનાવ્યો છે. આજે વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં હાંસલપુર ખાતે સુઝુકી મોર્ટર દ્વારા ઈલેક્ટ્રીક કાર અને બેટરીનું પ્લાન્ટના ઉત્પાદનની કાર્યવાહી વિકસીત ભારત માટે મહત્વનુ પગલુ છે.